RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 290* Date: 18.08.2020 * Tuesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### કોરોના સંકટઃ નીટ અને જેઇઇની પરીક્ષા રદ્દ કરવાની અરજી સુપ્રીમ કોર્ટે ફગાવી

# જેઇઇ-નીટની પરીક્ષા નક્કી કરાયેલ તારીખ અને સમય પર જ લેવાશેઃ સુપ્રિમ

## જેઇઇ ૧થી ૬ સપ્ટેમ્બરે યોજાશે, જ્યારે નીટનું આયોજન ૧૩ સપ્ટેમ્બરે કરવામાં આવશે



ન્યુ દિલ્હી,તા.૧૭

સુપ્રીમ કોર્ટે જેઇઇ અને નીટ પરીક્ષાઓ પર પોતાનો ચુકાદો સંભળાવ્યો છે. સુપ્રીમ કોર્ટે ૧૧ છાત્રોની કોવિડ-૧૯ સ્થિતિને જોતા જેઈઈ મેઈન અને નીટ પરીક્ષા સ્થગિત કરતી અરજીને ફગાવી દીધી છે. સુપ્રીમ કોર્ટે કહ્યુ છે કે પરીક્ષાઓ નક્કી સમય પર આયોજિત કરવામાં આવશે. સુનાવણી દરમિયાન જસ્ટીસ અરુણ મિશ્રાએ કહ્યુ કે શિક્ષણ સાથે જોડાયેલી વસ્તુઓને હવે ખોલી દેવી જોઈએ કારણકે કોવિડ-૧૯ વધુ એક વર્ષ રહી શકે છે.

ઉલ્લેખનીય છે કે સુપ્રીમ કોર્ટે મેડિકલ પ્રવેશ પરીક્ષા નીટ અને એન્જિનિયરીંગ પ્રવેશ પરીક્ષા જેઇઇ મેઈનને સ્થગિત કરવાની માંગ કરતી અરજી કરવામાં આવી હતી. અરજીમાં કોવિડ-૧૯ સંક્રમણના વધતા કેસોના કારણે નીટ અને જેઈઈ પરીક્ષાઓ ટાળવાની માંગ કરવામાં આવી હતી પરંતુ સુપ્રીમ કોર્ટે આ અરજી ફગાવી દેતા હવે તે પોતાના નક્કી સમય મુજબ જ લેવામાં આવશે. જે મુજબ જેઈઈ મેઈન્સ ૧ સપ્ટેમ્બરથી ૬ સપ્ટેમ્બર સુધી તેમજ નીટ પરીક્ષા ૧૩ સપ્ટેમ્બરે યોજવામાં આવશે. દેશમાં ઝડપથી વધી રહેલા કોવિડ-૧૯ના કેસોની સંખ્યાના કારણે દેશના ૧૧ રાજ્યોના છાત્રોએ જેઈઈ મેઈન્સ અને નીટની પરીક્ષાઓ સ્થગિત કરવા માટે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી. અરજીમાં કોરોનાનો ઉલ્લેખ કરીને નેશનલ ટેસ્ટીંગ એજન્સીના ત્રણ જુલાઈની નોટિસને રદ કરવાનો અનુરોધ પણ કરવામાં આવ્યો હતો અને માંગ કરવામાં આવી હતી કે જ્યાં સુધી સ્થિતિ સામાન્ય ન થાય ત્યાં સુધી પરીક્ષા લેવામાં ન આવે.

સુપ્રીમ કોર્ટે પોતાના ચુકાદામાં જણાવ્યુ કે શું દેશમાં બધુ રોકી દેવામાં આવે? શું આ કિંમતી વર્ષને આમ જ બરબાદ કરી દેવામાં આવે? કોર્ટે આગળ કહ્યુ કે અત્યારે સુરક્ષા ઉપાયો સાથે આગળ વધવાનો સમય છે. વળી, એનટીએ તરફથી હાજર તુષાર મહેતાએ પણ કોર્ટમાં કહ્યુ કે સુરક્ષા ઉપાયો સાથે પરીક્ષા યોજવાની અનુમતિ આપવી જોઈએ.

જણાવી દઈએ કે જેઇઇ પરીક્ષા ૧ સપ્ટેમ્બરથી ૬ સપ્ટેમ્બર સુધી આયોજિત થવાની છે. સાથે જ નીટની પરીક્ષા ૧૩ સપ્ટેમ્બરે આયોજિત કરવાની યોજના છે. દેશમાં કોવિડ-૧૯ ચેપગ્રસ્ત કેસોની ઝડપથી વધી રહેલી સંખ્યાને ધ્યાનમાં રાખીને ૧૧ રાજ્યોનાં ૧૧ વિદ્યાર્થીઓએ સુપ્રીમ કોર્ટમાં જેઇઇ અને નીટ યુજી પરીક્ષા મુલતવી રાખવા વિનંતી સાથે અરજી કરી હતી. અરજીમાં રાષ્ટ્રીય પરીક્ષણ એજન્સી (એનટીએ) ની જુલાઇની નોટિસને રદ્દ કરવાની વિનંતી કરવામાં આવી હતી, જેમાં કોરોનાવાયરસ રોગચાળોનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. અરજીમાં અદાલતને માંગ કરવામાં આવી હતી કે, પરિસ્થિતિ સામાન્ય ન થાય ત્યાં સુધી પરીક્ષા ન લેવી જોઇએ

આ કસોટી મેડિકલ કોલેજમાં પ્રવેશ લેવા માટેની પ્રવેશ પરીક્ષા છે. ૯ લાખથી વધારે વિદ્યાર્થીઓએ જેઇઇ મેઈનની પરીક્ષા માટે ફોર્મ ભર્યા છે. આ પરીક્ષા બાદ જ વિદ્યાર્થીઓને જે-તે એન્જિનિયરીંગ પરીક્ષામાં એડમિશન મળે છે.

### દેશમાં કુલ સંક્રમિતોનો આંકડો ૨૬ લાખને પાર, મૃત્યુઆંક ૫૦૯૨૧એ પહોંચ્યો

# કોરોના સંકટ યથાવત્ઃ ૨૪ કલાકમાં ૫૭,૯૮૨ પોઝિટિવ કેસ, ૯૪૧ના મોત



ન્યુ દિલ્હી,તા.૧૭

દેશભરમાંથી છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના નવા ૫૭,૯૮૨ દર્દીઓ નોંધાયા છે. આ સાથે જ હવે આ ઘાતક વાયરસથી અત્યાર સુધી સંક્રમિત થયેલા લોકોની કુલ સંખ્યા વધીને ૨૬,૪૭,૬૬૩ થઈ ગઈ છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યાં મુજબ છેલ્લા ૨૪ કલાકમાં દેશભરમાં કોરોનાના ૯૪૧ દર્દીઓના મૃત્યુ થયા છે. આ સાથે કુલ મૃત્યુનો આંકડો વધીને ૫૦,૯૨૧ થઈ ગયો છે. જો કે દેશમાં ૧૯,૧૯,૮૪૩ લોકોએ કોરોનાને માત આપી છે. જ્યારે ૬,૭૬,૯૦૦ લોકો હજુ સારવાર હેઠળ છે. આઈસીએમઆરના જણાવ્યાં મુજબ દેશમાં ૧૬ ઓગસ્ટ સુધીમાં કુલ ૩,૦૦,૪૧,૪૦૦ નમૂનાનું પરિક્ષણ થયું છે. જેમાંથી ૭,૩૧,૬૯૭ નમૂના રવિવારે પરિક્ષણ કરાયા. છેલ્લા કેટલાક દિવસોથી દરરોજ સરેરાશ ૭થી ૮ લાખ નમૂનાનું પરિક્ષણ થઈ રહ્યું છે. સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યાં મુજબ દેશભરમાં કોરોનાના દર્દીઓનો રિકવરી રેટ વધીને ૭૨.૫૧ ટકા થઈ ગયો છે.

મળતી માહિતી મુજબ દિલ્હીમાં કોરોનાથી ઠીક થનારાનો દર હવે ૯૦.૧૫ ટકા થયો છે. દાવો છે કે જેટલા પણ લોકો દિલ્હીમાં કોરોનાથી સંક્રમિત થઈ રહ્યાં છે તેમાંથી ૯૦ ટકાથી વધુ લોકો સાજા થઈ રહ્યાં છે. હવે દિલ્હીમાં કોરોના સંક્રમણનો દર ૬.૦૮ ટકા થયો છે. દિલ્હીમાં હાલ કોરોના સંક્રમિત દર્દીઓમાંથી ફક્ત ૭.૦૯ ટકા જ સક્રિય છે. દિલ્હીમાં કોરોનાથી મૃત્યુ પામનારાઓનો દર ૨.૭૫ ટકા છે. નોંધનીય છે કે, ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચએ સોમવારે જાહેર કરેલા આંકડાઓ મુજબ, દેશમાં ૧૬ ઓગસ્ટ સુધીમાં કુલ ૩,૦૦,૪૧,૪૦૦ સેમ્પલ ટેસ્ટ કરવામાં આવ્યા છે. માત્ર રવિવારે ૭,૩૧,૬૯૭ સેમ્પલ ટેસ્ટ કરવામાં આવ્યા છે. વડાપ્રધાન મોદીના સૂચના બાદ ગુજરાત અનેક રાજ્યોમાં કોરોના ટેસ્ટિંગની સંખ્યામાં નોંધપાત્ર વધારો નોંધાયો છે. પશ્ચિમ બંગાળમાં તૃણમૂલ કોંગ્રેસના ધારાસભ્ય સમરેશ દાસનું સોમવારે નિધન થયું છે. તે કોરોના વાઈરસથી સંક્રમિત હતા. ૭૭ વર્ષના સમરેશ દાસ પૂર્વ મિદનાપુરના એગરાથી ધારાસભ્ય હતા. મુખ્યમંત્રી મમતા બેનર્જીએ તેમના નિધન અંગે દુઃખ વ્યક્ત કર્યું છે. તો આ તરફ મહારાષ્ટ્રમાં એનસીપી પ્રમુખ શરદ પવારના આવાસ પર તહેનાત બે સુરક્ષા અધિકારીનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે.

## બંગાળમાં ટીએમસી ધારાસભ્યનું સંક્રમણથી નિધન, મહારાષ્ટ્રમાં શરદ પવારના ૨ સુરક્ષા અધિકારી પોઝિટિવ

## ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યાઃ ૧૦33**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૭૯૮૧૬**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુઃ ૧૫**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા : ૧૦૮૩**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૬૨૬૭૯**

# બારામુલામાં સીઆરપીએફ પર આતંકીઓ હુમલોઃ ત્રણ જવાન શહિદ





શ્રીનગર,તા.૧૭

જમ્મુ કશ્મીરના બારામુલા વિસ્તારમાં આજે સવારે સીઆરપીએફની ટુકડી પર આતંકવાદી હુમલો થયો હતો. આ હુમલામાં એક સ્પેશિયલ પોલીસ ઑફિસર અને સીઆરપીએફના બે જવાનો શહીદ થયા હતા.

સીઆરપીએફ ટુકડી પર આતંકવાદી હુમલો કરીને હુમલાખોરો નાસી જવામાં સફળ થયા હતા. સિક્યોરિટી દળોએ સમગ્ર ક્રેઈરી વિસ્તારને ઘેરી લીધો હતો. ચોમેર હુમલાખોરોની તપાસ જારી હતી. આજે સવારે સીઆરપીએફની ટુકડી ક્રેઈરી વિસ્તારમાં નાકા પાર્ટી તરીકે ફરજ બજાવી ર હી હતી ત્યારે ઓચિંતા ત્રાટકેલા આતંકવાદીઓએ આડેધડ ફાયરીંગ શરૂ કરી દીધું હતું. આ ફાયરીગમાં સીઆરપીએફની ૧૧૯ બટાલિયનના બે જવાનોને ઈજા થઈ હતી. પાછળથી આ બંને જવાનોના મરણ નીપજ્યાં હતાં. આ ઉપરાંત જમ્મુ કશ્મીર પોલીસના એક વરિષ્ઠ અધિકારી પણ શહીદ થયા હતા. આમ ત્રણ જવાનો શહીદ થયા હતા.

છેલ્લા થોડા સમયથી આતંકવાદીઓ સતત સિક્યોરિટી દળો પર ત્રાટકી રહ્યા હતા. શુક્રવારે શ્રીનગરની ભાગોળે આવેલા નૌગામ બાયપાસ વિસ્તારમાં આતંકવાદીઓએ પોલીસ પાર્ટી પર હુમલો કર્યો હતો અને એ હુમલામાં બે પોલીસ જવાનો શહીદ થયા હતા. આ હુમલો જૈશ એ મુહમ્મદ દ્વારા કરાયો હોવાનો ખુલાસો પાછળથી થયો હતો. એના બે દિવસ અગાઉ બારામુલાના સોપોર વિસ્તારમાં ભારતીય લશ્કરની એક ટુકડી પર હુમલો કરાયો હતો. એ હુમલામાં એક જવાનને ઈજા થઇ હતી.

છેલ્લા પંદરેક દિવસમાં કોંગ્રેસ અને ભાજપ સાથે સંકળાયેલા સરપંચો તથા સિક્યોરિટી પર પર સતત આતંકવાદી હુમલા કરાયા હતા. કોંગ્રેસ અને ભાજપ બંનેના એક એક સરપંચ ઠાર થયા હતા.

ભારતીય લશ્કરના પ્રવક્તા માને છે કે સ્થાનિક સહકાર વિના આ રીતે આતંકવાદીઓ સિક્યોરિટી પર ત્રાટકી શકે નહીં. સ્થાનિક સ્લીપીંગ સેલ્સને જેર કરવાની જરૂર છે.

# અમેરિકામાં ત્રણ સ્થળે ગોળીબારઃ ૮ના મોત, ૧૮થી વધુ લોકો ઘાયલ



ફિલાડેલ્ફિયા,તા.૧૭

અમેરિકાના સિનસિનાટી વિસ્તારમાં રવિવારે ત્રણ જુદી જુદી જગ્યાએ ગોળીબારના બનાવ બન્યા હતા જેમાં આઠ વ્યક્તિનાં મરણ થયાં હતાં અને અઢાર વ્યક્તિને ઈજા થઇ હતી. સહાયક પોલીસ કમિશનર પૉલ ન્યૂડીગેટે મિડિયાને કહ્યું હતું કે ફિલાડેલ્ફિયાના ઓવર-દ-રિને વિસ્તારમાં થયેલા ગોળીબારમાં ૧૦ વ્યક્તિને ગોળી વાગી હતી. બે જણ ત્યાંજ મરણ પામ્યા હોવાની આશંકા હતી.

આ જ સમયે શહેરના વોલ્ટન હિલ્સ વિસ્તારમાં હેરિયટ બીચર સ્ટોઇ હાઉસ પાસે પણ ગોળીબાર થયા હતા. ત્રણ જણ પર હુમલો કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત એવાન્ડેલ વિસ્તારમાં ચાર વ્યક્તિ પર ગોળીબાર કરાયા હતા. ત્યાં બે વ્યક્તિ મરણ પામી હોવાની આશંકા હતી. જો કે કોઇ શંકાસ્પદ વ્યક્તિની ધરપકડ થઇ નહોતી.

યોગાનુયોગે શનિવારે નોર્થ ફિલાડેલ્ફિયામાં યુવાનોના સમૂહમાં થયેલા ગોળીબારમાં પાંચ વ્યક્તિને ઈજા થઇ હતી. વીક એન્ડ પર એક જ સ્થળે બસોથી વધુ યુવાનો હાજર હતા અને એ દરમિયાન કોઇ બનાવ બનતાં ગોળીબાર થયા હતા. ઈજાગ્રસ્ત પાંચે યુવાનોની સ્થિતિ સ્થિર હતી. પોલીસ કમિશનર ડેનિયલ આઉટલૉએ કહ્યું હતું કે શનિવારે કશુંક બનવાની શંકાપોલીસને હતીજ. પોલીસ સાવધ હતી. ગોળીબારના ધડાકા સંભળાતાં પોલીસ ત્યાં ધસી ગઇ હતી. મિડિયા રિપોર્ટ મુજબ એકથી દોઢ કલાકના સમયગાળામાં આ ત્રણ બનાવો બન્યા હતા. ત્રણે ઘટના એકમેકથી જુદી હતી પરંતુ આવી બેત્રણ ઘટના એક સાથે બને એ ચોંકાવનારી બાબત ગણાય.

પોલીસે ઘટનાસ્થળે ધસી જઇને ઈજાગ્રસ્તોને સારવાર માટે હૉસ્પિટલમાં ખસેડ્યા હતા અને ઘટનાઓની વધુ તપાસ ચાલી રહી હતી. છેલ્લા થોડા સમયથી અમેરિકામાં સાવ નજીવી વાતમાં પણ ગોળીબાર કરવાના બનાવો વધી રહ્યા હતા તેથી પોલીસ અને વહીવટી તંત્ર સચેત થઇ ગયાં હતાં. આમ તો છેલ્લાં થોડાં વરસથી પિસ્તોલ, રિવોલ્વર, રાયફલ વગેરે હથિયારો છૂટથી વેચાવા પર પ્રતિબંધ મૂકવાની માગણી થઈ રહી હતી.

### રાજ્યસભા સવારે અને લોકસભાની કાર્યવાહી સાંજે સંભવ

# કોરોના વચ્ચે સંસદના ચોમાસુ સત્રની તૈયારી, સાંસદોના બેસવાની વ્યવસ્થા બદલાશે

ન્યુ દિલ્હી,તા.૧૭

કોવિડ-૧૯ના રોગચાળાને ધ્યાનમાં રાખીને સંસદના ચોમાસુ સત્ર માટે લોકસભા અને રાજ્યસભામાં બેઠકની વ્યવસ્થા, ચેમ્બર અને ગૅલેરીનો ઉપયોગ સભ્યોને બેસાડવા માટે કરવો અને શારીરિક રીતે દૂર બેસવું વગેરે સહિત અનેક નવી વ્યવસ્થાનો પહેલી વખત અમલ થાય એ માટે જોરદાર તૈયારી ચાલી રહી છે.

ચોમાસુ સત્ર ઑગસ્ટ મહિનાના અંતિમ સપ્તાહમાં અથવા સપ્ટેમ્બર મહિનાની શરૂઆતમાં શરૂ થાય એવી વાત ચર્ચાઇ રહી છે. રાજ્યસભા સચિવાલયના જણાવ્યા અનુસાર સત્ર દરમિયાન સભ્યોને ચેમ્બર અને ગૅલેરીમાં પણ બેસાડવામાં આવશે.

ભારતની સંસદમાં (૧૯૫૨)થી આ પહેલી વખત એવું બનશે કે જ્યારે સદનના ૬૦ સભ્ય ચેમ્બરમાં અને ૫૧ સભ્ય ગૅલેરીમાં અને બાકીના ૧૩૨ લોકસભાના સભ્ય ચેમ્બરમાં બેસશે. લોકસભા સચિવાલયમાં પણ આ પ્રકારની બેઠક વ્યવસ્થા ગોઠવવાની પ્રક્રિયા ચાલી રહી છે.

ગૅલેરીમાંથી ભાગ લેવા માટે મોટા ડિસ્પ્લે સ્ક્રિનની વ્યવસ્થા, અલ્ટ્રાવાયોલેટ જંતુનાશક, બંને સદન વચ્ચે ખાસ કૅબલની વ્યવસ્થા અને પૉલિકાર્બોનેટ સૅપરેટર્સનો પહેલી વખત ઉપયોગ કરવામાં આવશે. રાજ્યસભાના ચેરમેન એમ. વેંકૈયા નાયડુએ ટેસ્ટિંગ, રિહર્સલ અને આખરી ઈન્સ્પેક્શન માટે ઑગસ્ટના ત્રીજા સપ્તાહ સુધીમાં બધી જ તૈયારી પૂરી કરવાનો આદેશ આપ્યો છે.

સામાન્ય રીતે લોકસભા અને રાજ્યસભાના સત્ર એક સાથે ચાલતા હોય છે, પણ આ વખતે કોરોનાના રોગચાળાને લીધે એક સદન સવારે અને બીજું સાંજે સત્ર યોજશે.

કોવિડ-૧૯ના રોગચાળાને લીધે પાછલું બજેટ સત્ર અટકાવી દેવાયું હતું અને બંને સદનના સત્રને માર્ચ ૨૦૨૩ સુધી બરખાસ્ત કરવામાં આવ્યા હતા.

## તંત્રી સ્થાનેથી...

# આઝાદી પછી ભારતનો વિકાસ: કોરોના બાબતે પડોશી દેશોથી તુલના શા માટે નથી કરાતી....?

ભારતભરમાં આઝાદી દિવસ ૧૫ મી ઓગસ્ટની કોરોનાને કારણે કોઈ પણ પ્રોપરગંડા વગર ઉજવણી કરવામાં આવી અને આવા સમયમા આઝાદી સમયના બુઝર્ગ, નિવૃત રાજકારણીઓને મળવાનો અવસર મળ્યો. જેમાં વંદનિય દેશપ્રેમીઓએ દેશની આઝાદી મળી તે સમયની હાલત અનુસંધાને અનેક વાતો કરી અને ખરેખર આજના મોબાઈલમાં વ્યસ્ત રહેતા સ્વકેન્દ્રીય બની ગયેલા યુવા જગતને દેશને આઝાદી મળી ત્યાર બાદ શું તે બાબતો જાણવા સમજવાની જરૂર છે. વિશ્વમાં અત્યારે કોરોના વાયરસના હુમલાઓ ચાલુ રહ્યા છે. વિશ્વભરમાં કોરોના કેસોની સંખ્યા ૨ કરોડ ૧૮ લાખથી આગળ વધી રહી છે.જ્યારેકે મૃતાક ૭ લાખ ૭૩ હજારની આગળ વધી રહ્યો છે. ભારતમાં કોરોના સંક્રમિત કેસોની સંખ્યા ૨૬ લાખ ૫૧ હજારથી આગળ વધી રહી છે ત્યારે મૃતાક ૭ લાખ ૭૩ હજારથી આગળ વધી રહ્યો છે. કોરોના નાથવાની દવામાં રશિયા પ્રથમ ક્રમે પહોંચી ગયું છે.... તો ભારત બીજા ક્રમે આવી જવાની શક્યતા વધી ગઈ છે.....! ભારતનુ આરોગ્ય મંત્રાલય કોરોના કેસોની સંખ્યા બાબતે અમેરિકા, બ્રાઝીલ જેવા દેશો સાથે તુલના કરે છે પરંતુ આ અંગે પડોશી દેશો સાથે કોઈ તુલના નથી કરતા કે દર્શાવતા નથી અને પ્રસારણ માધ્યમો પણ એ જ રસ્તે છે. કદાચ વસુધૈવ કુટુંબકમ્ ની ભાવનાને લીધે કે પછી સમજી વિચારીને તુલના કરવામાં આવતી નથી....! કોરાનાને કારણે મૃતાક સંખ્યામા પાકિસ્તાનમાં ૬,૫૦૦ થી વધુ લોકોની સંખ્યા વધી નથી. બાંગ્લાદેશમાં ૩૭૨૦ મૃતાક છે. મ્યાંમારમાં માત્ર ૭ મૃત્યુ છે. શ્રીલંકામાં ૧૧, માલદીવમાં ૨૨ મૃત્યુ, ઈન્ડોનેશિયા ૬૦૯૨ પર મૃતાક પહોંચી ગયો છે.જ્યારે ચીનમાં ૪૬૦૦ થી મૃતાક વધુ છે.જ્યારે ભૂતઃન આપણો પડોશી દેશ છે ત્યાં કોરોનાને કારણે એક પણ મૃત્યુ થયું નથી. આ બધા વચ્ચે સમજવાની બાબતે એ છે કે ભારત, પાકિસ્તાન, બાંગ્લાદેશ, શ્રીલંકા,મ્યાંમાર,માલદીવ,ઈન્ડોનેશિયાની આબોહવા, ઋતુકાળ લગભગ એકજ સરખા છે જ્યારે કે નેપાળમાં, ચીનમાં બર્ફીલી આબોહવા છે અને અમેરિકા,બ્રાઝીલ સહિતના દેશો પણ બર્ફીલી આબોહવા ધરાવે છે ત્યારે કોરોના કેસો કે મૃતાક સરખામણી બાબતે ક્યાં દેશો સાથે કરાય.....? તેવો સવાલ આમ શિક્ષિત અને જાગૃત લોકોમાં ઉઠવા પામ્યો છે....!?

અત્યારે તો દેશભરમાં એવી સ્થિતિ બની ગઈ છે કે અભણ મદારી પોતાના ખેલ કરે છે અને આમ પ્રજા તાલીઓ પાડી મદારીને પૈસા આપે છે અને પૈસા લઈને તે ચાલતો થઈ જાય છે. આવી વાત કરતાં એક આઝાદી સમયના વૃદ્ધ કહે છે.... દેશને આઝાદી મળી તે પહેલા અમારા વડવાઓએ અનેક યાતનાઓ ભોગવી હતી અને પાસે જે કંઈ હતું તેનાથી ચલાવી લેતા હતા. આઝાદી મળી ત્યારે દેશમાં એક હોય કે ટાંકણી સુધ્ધા બનતું ન હતું... તેવી વાત કરતા તેમણે કહ્યું કે આજે આઝાદી મળ્યા બાદના લોકોને તેના ફળ ચાખવા મળી રહ્યા છે... આઝાદી મળી ત્યારે દેશની હાલત ખરાબ હતી પરંતુ ખેતી સધ્ધર હતી.

સ્વતંત્રતા મળ્યા બાદ દેશમા કોંગ્રેસનું શાસન હતું જેમાં જવાહરલાલ નેહરુ થી લઈને અનેક વડાપ્રધાન ૬૦ વર્ષમાં આવી ગયા તેમના સમયમાં સરકારી સાહસો કે કંપનીઓ પ્રજાના સહયોગ ઊભી થઈ. જેમાં જવાહરલાલ નહેરૂના સમયમાં પ્રજાના સહયોગથી ૩૨ કે ૩૩ જેટલા જાહેર સાહસો કે કંપનીઓ ઊભી કરવામાં આવી હતી, લાલ બહાદુર શાસ્ત્રીજીના સમયમાં ૫ સાહસો, ઈન્દીરા ગાંધીના સમયમાં ૬૬ સાહસો કે કંપનીઓ, મોરારજી દેસાઈના સમયમાં ૯ સાહસો, રાજીવ ગાંધીના સમયમાં ૧૬, વીપી સિંહના શાસનકાળમાં ૨ સાહસો, પીવી નરસિંહરાવના સમયમાં ૧૪ સાહસો,દેવગૌડા અને ઈન્દલકુમારના સમયમાં ૩ સાહસો,જ્યારે અટલબિહારી બાજપાઈજીના શાસનમાં ૧૭ સાહસો ઉભા કરવામાં આવ્યા જો કે ૭ ખોટ ખાતા સાહસો વેચી દીધા હતા.ડૉ.મનમોહનસિહના સમયમા ૨૩ સાહસો ઉભા થયા અને ખોટ ખાતા ૩ સાહસો કે કંપનીઓ વેચી હતી... તે સાથે દેશભરમાં જેમ જેમ સરકારી સાહસો કે કંપનીઓ ઊભી કરવામાં આવી તેમ તેમ તેની સાથે તેને સંબંધિત નાના-મોટા વિવિધ ઉત્પાદન કરતાં કારખાનાઓ કે ફેક્ટરીઓ ઉભા થવા લાગ્યા અને વિવિધ ધંધાઓ- રોજગારો તેમજ માર્કેટો ઉભા થવા લાગ્યા હતા જેના કારણે કરોડો લોકોને રોજગારી મળતી થઈ હતી. ટૂંકમાં સાચા અર્થમાં દેશનો વિકાસ થયો હતો. જેનો લાભ અત્યાર સુધી દેશભરના લોકોને મળતો રહ્યો છે. એક વાત બહુ જોર સાથે કહી કે સરકારે ઉભા કરેલ ખોટ ખાતા જાહેર સાહસો કે કંપનીઓજ સરકારે વેચી હતી નહીં કે નફો કરતી.....અને અત્યારે.....! વંદે માતરમ

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૨૨૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા.૧૮-૮-૨૦૨૦, મંગળવાર, શ્રાવણ વદ-૧૪
સૂર્યોદય-૬-૨૬, સૂર્યાસ્ત-૭-૧૪, જૈન નવકારશી-૭-૧૪,
આજની રાશિ : સિંહ (મ.ટ.), નક્ષત્રઃ આશ્લેષા

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -
૯-૩૮થી ચલ-લાભ-અમૃત-૧૪-૨૬ સુધી, ૧૬-૦૨ થી શુભ-૧૭-૩૯ સુધી, ૨૦-૩૯થી લાભ-૨૨-૦૩ સુધી, ૨૩-૨૭થી શુભ-૨૪-૫૧ સુધી

- શુભ હોરા-
૮-૩૪ થી ૧૧-૩૬ સુધી, ૧૨-૫૦ થી ૧૩-૫૩ સુધી, ૧૬-૦૨ થી ૧૯-૧૫ સુધી, ૨૦-૧૧ થી ૨૧-૦૭ સુધી

### ૨૪ કલાકમાં રાજ્યમાં ૧૯૨ તાલુકામાં વરસાદ

# રાજ્યમાં ૧૯૫ રસ્તાઓ અને ૩ રૂટની એસટી બસ સેવા બંધ, ૯૪ ડેમ હાઈએલર્ટ પર

ગાંધીનગર,તા.૧૭

રાજ્યના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળતી માહિતી મુજબ આજે ૧૭ ઓગસ્ટની સવારે ૬-૦૦ કલાકની સ્થિતિએ છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૧૯૨ તાલુકાઓમાં સાર્વત્રિક વરસાદ વરસ્યો છે. જેમાં ૯૫ તાલુકાઓ અડધા ઈંચથી સાડા પાંચ ઈંચ સુધીનો વરસાદ વરસ્યો છે. કચ્છના માંડવી અને મુન્દ્રામાં સાડા પાંચ ઈંચ, તાપીના વાલોડ અને આણંદના તારાપુરમાં પાંચ ઈંચ વરસાદ નોંધાયો છે. રાજ્યમાં વરસાદને પગલે સ્ટેટ હાઈવે, નેશનલ હાઈવે અને પંચાયત સહિતના ૧૯૫ રોડ બંધ છે. તેમજ રાજ્યની જી બસ સેવા ૩ રૂટ પર બંધ રહી છે. ઉપરવાસના વરસાદને પગલે સરદાર સરોવર નર્મદા ડેમની સપાટી ૨૧.૦૮ મીટર પહોંચી છે. જ્યારે ભારે વરસાદના કારણે રાજ્યના ૯૪ ડેમ હાઈ એલર્ટ પર છે.

રાજ્યમાં ચાલુ મોસમનો સરેરાશ ૭૯.૪૪ ટકા વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ કચ્છ ઝોનમાં ૧૩૨.૩૫ ટકા, સૌરાષ્ટ્ર ઝોનમાં ૧૧૨.૪૭ ટકા, દક્ષિણ ગુજરાત ઝોનમાં ૬૯.૩૧ ટકા, પૂર્વ મધ્ય ઝોનમાં ૬૨.૦૩ ટકા અને ઉત્તર ગુજરાતમાં ૫૬.૪૧ ટકા સરેરાશ વરસાદ નોંધાયો છે.

રાજ્યમાં વરસી રહેલાં અવિરત વરસાદને પગલે રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમની ડેમની જળસપાટી ૧૨૧.૦૮ મીટર પર પહોંચી છે. તેની સાથે જ સરદાર સરોવર ડેમમાં ૫૪.૦૬ ટકા જળસંગ્રહ થયો છે. રાજ્યના ડેમોની સ્થિતિ પર તંત્ર દ્વારા સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે ત્યારે આજની સ્થિતિએ કુલ ૯૪ ડેમ હાઈ એલર્ટ ઉપર એટલે કે ૯૦ ટકાથી વધુ ભરાયા, ૧૦ ડેમ એલર્ટ ઉપર એટલે કે ૮૦થી ૯૦ ટકા ભરાયા અને ૭૪ ડેમ વોર્નિંગ ઉપર એટલે કે ૭૦થી ૮૦ ટકા ભરાયા છે. તે ઉપરાંત ૮૭ ડેમ ૭૦ ટકાથી ઓછા ભરાયા છે.

રાજ્યમાં વરસાદી માહોલના કારણે ગુજરાત એસ.ટી. બસની ત્રણ રૂટની કુલ ૧૭ ટ્રીપો બંધ કરવાની ફરજ પડી છે. તે ઉપરાંત સ્ટેટ હાઈવેના ૧૨ રસ્તાઓ, પંચાયતના ૧૭૨ રસ્તાઓ, નેશનલ હાઈવેના ૨ રસ્તાઓ તેમજ અન્ય ૯ રસ્તાઓ મળી કુલ ૧૯૫ રસ્તાઓ બંધ છે. જેને પૂર્વવત કરવા તંત્ર કાર્યરત છે.

# રાજ્યમાં ૨૦ ઓગસ્ટ સુધી ભારેથી અતિભારે વરસાદની આગાહી

ગાંધીનગર,તા.૧૭

આજથી રાજ્યમાં ફરી એકવખત મેઘરાજા ધમાકેદાર ઈનિંગની શરૂઆત કરશે. ગુજરાત પર એક સાયક્લોનિક સિસ્ટમ સક્રીય થતા હવામાન વિભાગે ૧૯ ઓગસ્ટ સુધી ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગના મતે ૧૯ ઓગસ્ટ સુધી ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે. સૌરાષ્ટ્ર, કચ્છ, દ્વારકા, ભરૂચ, નર્મદા, તાપી, સુરત, નવસારી, વલસાડમાં ભારે વરસાદની શક્યતા દર્શાવવામાં આવી છે. આ સિવાય મોરબી, સુરેન્દ્રનગર, જામનગરમાં પણ વરસાદની આગાહી દર્શાવવામાં આવી છે. છોટા ઉદેપુરમાં ભારે વરસાદની આગાહીના પગલે વહીવટી તંત્રને એલર્ટ કરાયું છે. હવામાન વિભાગના મતે ૧૭થી ૨૦ ઓગસ્ટ સુધી અહીં ભારે વરસાદની આગાહી દર્શાવવામાં આવી છે. જેથી તલાટીઓને ગામમાં જ રહેવા સૂચના અપાઈ છે. નદી કિનારાના વિસ્તારોને એલર્ટ કરાયા છે. ભારે વરસાદના પગલે પાણી ભરાતા હોય તેવો કોઝ-વે બંધ કરવા સૂચના પણ આપવામાં આવી છે. અમરેલીમાં પણ હવામાન વિભાગની અગાહી બાદ તંત્ર એલર્ટ થઈ ગયું છે. અમરેલીના જાફરાબાદ તંત્ર દ્વારા માછીમારોને સૂચના અપાઈ છે. દરિયો ૧૭થી ૨૦ ઓગસ્ટ તોફાની રહેવાની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગની મતે સાંચબંદર, શિયાળબેટ, રાજપરામાં સૂચના અપાઈ છે. જાફરાબાદ બોટ એસોશિએશને તમામ બોટ લાંગરી દીધી છે.

બંગાળાની ખાડી, ઝારખંડ અને ઉત્તર ઓરીસ્સામાં લો-પ્રેશર તેમજ સાયક્લોનિક સર્ક્યુલેશન સિસ્ટમના કારણે ગુજરાતમાં સાર્વત્રિક વરસાદી માહોલ સર્જાયો છે. વરસાદી સિસ્ટમના કારણે હજુ આગામી પાંચ દિવસ સુધી રાજ્યના વિવિધ ભાગોમાં ધોધમાર વરસાદ પડવાની હવામાન ખાતા દ્વારા આગાહી કરવામાં આવી છે. જેમાં ઉત્તર ગુજરાતમાં અતિભારે વરસાદ પડવાના સંકેતો કરવામાં આવ્યાં છે, જ્યારે અન્ય ભાગોમાં ભારે વરસાદ પડી શકે છે. અમદાવાદમાં પણ સોમવારે ધોધમાર વરસાદ પડવાની હવામાન ખાતાએ આગાહી કરી છે. હવામાન ખાતા દ્વારા કરાયેલી આગાહી પ્રમાણે, બનાસકાંઠા, આણંદ, પાટણ, સુરેન્દ્રનગર, મોરબી, કચ્છમાં શરૂઆતના ત્રણ દિવસ અતિભારે વરસાદ પડવાની શક્યતાઓ છે.



ગોંડલ શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૭ કોરોના પોઝિટિવ કેસ...પોરબંદર સાંસદના પુત્ર નૈમીષ ધડુકનો રિપોર્ટ કોરોના પોઝિટિવ....પોરબંદર સાંસદના બંગલે તાજેતરમાં જ યોજાયો હતો જન્માષ્ટમી કાર્યક્રમ....કાર્યક્રમમાં ગીતા રબારી સહિતના કલાકારો રહ્યાં હતા ઉપસ્થિત....સાંસદ પુત્રનો બાદમાં આવ્યો રીપોર્ટ કોરોના પોઝિટિવ...

# શ્રાવણ માસના અંતિમ સોમવારે સોમનાથમાં દર્શન માટે ભક્તો ઉમટ્યા

વેરાવળ,તા.૧૭

આજે શ્રાવણ માસનો છેલ્લો સોમવાર છે. ત્યારે આજે સોમનાથ મંદિરમાં મેઘરાજાના જળાભિષેક સાથે ભાવિકો સોમનાથ મહાદેવના દર્શન કરી રહ્યાં છે. સોમનાથ મંદિરમાં ભાવિકો સોશિયલ ડિસ્ટન્સના પાલન સાથે મહાદેવના દર્શન કરી રહ્યાં છે. મહાદેવને આજે ભસ્મ શણગાર કરવામાં આવ્યો છે.

મહાદેવના દર્શન કરવા માટે આજે મંદિર બહાર ભક્તોની લાંબી લાઈનો લાગી છે.

સોમનાથ મહાદેવને આજે ભસ્મનો અલૌકિક શણગાર કરવામાં આવ્યો છે. આ અલૌકિક શણગારના દર્શન કરી ભાવિકો ધન્ય બન્યા છે. આજે શ્રાવણ માસનો છેલ્લો સોમવાર હોવાથી ભાવિકોનો પ્રવાહ સોમનાથમાં વધુ જોવા મળ્યો હતો. સોમનાથ મહાદેવના દર્શન માટે ફરજિયાત પાસ સિસ્ટમ કાર્યરત છે. તેમજ ભાવિકોએ આજે સોશિયલ ડિસ્ટન્સ સાથે સોમનાથ મહાદેવના દર્શન કર્યા હતા. મહત્વનું છે કે રવિવારે સાંજે ગૃહ રાજયમંત્રી પ્રદિપસિંહ જાડેજા પરિવાર સાથે સોમનાથ મહાદેવના દર્શન કરવા પહોંચ્યા હતા. તેમજ પરિવાર સાથે સોમનાથ મંદિરમાં પૂજા પણ કરી હતી.

# આઝાદી દિવસઃ પંદરમી ઓગષ્ટ

આજે ભારતની આઝાદીને ચૂંમ્બોતર વર્ષો થશે અને દેશના નાગરિકો અને મેહમાને તેની ઉજવણી કરશે? આ પ્રસંગે સર્વ ભારતીયો ને અભિનંદન? દર વર્ષોની જેમ આજે પણ આજના ભારતના પ્રધાનમંત્રીએ એક ઐતિહસિક લાલ કિલ્લા ઉપરથી જનતાને લગભગ એસી મિનિટ સંબોધી પ્રવચન કર્યું? ભજનમાં ભંગ પડે તેમ કોવીદ ને લીધે મેદાન ખાસું એવું ખાલી દેખાતું હતું અને તેથી હાઈ ક્વોલિટી કેમેરાનું ફોકસ વધારે પ્રધાન મંત્રી તરફ દેખાતું હતું? આ ભભકેદાર પ્રસન્ગ માં લાલા કાર્પેટ પાધરવામાં આવી હતી પણ નોધાવનું કે જ્યાં સુધી વડા પ્રધાન જ્યાં સુધી નીચે ઉતરી પોતાની ગાડીમાં ન બેસે હતા સુધી ભારતના સંરક્ષણ પ્રધાન ને પગથી જમીન ખોતરતા ઉભા રાખવામાં આવેળા દેખાયા હતા. ભગવા રંગના ફેટમાં વડા પ્રધાન એક મુંગો સંદેશો પોતાના પક્ષને આપી રહ્યા હોય તેમ લગતા હતા.

કેટલીક વાર મનમાં દ્રશ્યો ઉભા થાય છે જેમાં રાજકીય નેતાઓને કબાટમાં રાખેલી ગાંધી ટોપી અને ખાદીનો ઝભ્ભો ધોબી પાસેથી મંગાવી ઘરમાં એક અરીસા સામે ભાષણ ની પ્રેકટીશ કરી છેલ્લે તૈયાર થઈ ગયા વિચારો આવેછે? આજના જમાનામાં હવે તો ઘણા ભગવા ઝબભા અને ભાગવા ઝંડ લઈને મેદાનમાં પોહચી જવા મંડ્યા હશે. ગાંધી બાપુની સમાધિ ને નવે નામ સાફસુફ કરી ચકક-ચકાવી હશે અને ફૂલો અને હારો બનાવનાર નાઓ ને માટે તો આ એક અચ્છા દિનની શરુ આત થઈ ગઈ હશે. થોડા દિવસો પેહલા જ ઠેર ઠેર અયોધ્યાના નવા મંદિર ની શીલા રોપણના ફોટા અને તેમાંય શ્રીરામજી નાના સ્વારૂપમાં આમના વાળા પ્રધાનની આંગળી પકડી ચાલહોવાના દ્રશ્ય વાળા ફોટો પણ વેંચતા જોવા મળે તો નવાઈ નહિ જ! લંડનના એક છાપા એ તો ઈશારા ઈશારામાં આ શીલા રોપણ એક ફોટા માટે લખ્યુ કે જેમ ઈન્ડિયા બ્રાન્ડ ની ઉજવણી હોઈ ? જ્યારથી અયોધ્યા મંદિર ની મંજૂરી મળી છે ત્યારથી માંડી આ શીલા રોપણ સુધી દરમયાન ઘણા લોકો એ તો જાણે ભારતને બીજી આઝાદી મળી તેમ ધુળેટી માંડી હોઈ તેમ લાગે છે. એક ભાઈ તો એટલે સુધી કહી દીધું કે આ મંદિરની સંમતિ કોઈ મોદી કે ભાજપ એ નથી આપી પણ ભારતની સર્વોચ્ચ ન્યાયલયે આપીહતી? હા, ભાઈ, કોણે તેની ના પડી છે? મને જુના જમાનાના રાજાઓની એક વાત યાદ આવે છે. રાજા હંમેશા ન્યાય આપવા બેસે ત્યારે, કેસની સુનવાઈ થઈ પછી તેમના સલાહકારોની તરફ વળી પૂછે કે તેમની દ્રષ્ટિએ શું સજા આપવી, આ દરબારીઓ રાજાના ઈશારાને પહેલેથી સમજી લેતા અને પોતાની ગરદન બચાવવા રાજાને પસંદ આવે તેવી સલાહ આપી દેતા? પણ આપણે ત્યાં એવું થોડુ થાય છે. અમાંરે ત્યાં તો કેસ લંબાતો જ જાયછે, અને અચાનક નયાધીશ ને સમય મળતા પોતાનો ન્યાય આપી રીટાયર થઈ તુરત બીજી મોટી ગાદીએ બેસી જાય છે. આનું નામ સાચી ન્યાયની પદ્ધતિ કહેવાય છે. આવા કેટલા કેસે છે જે વારસો સુધી કોર્ટીની છાજલી પાર ધૂળ કહતા પડી રહે છે અને તે દરમ્યાન રાજકીય રોટલી શેકાતી જતી હોઈ છે, કેટલાક તો જેલમાં સાદે છે અને કેટલાક ના સાક્ષીઓ કાયતો મારી જાય છે કે છેલ્લિ ઘડીએ ફરી જાય છે. સરકારી પક્ષના મિત્રો વિરિદ્ધ ના દસ્તાવેજો તો ખોવાઈ જવાનું આજ કલાના ન્યાયધિશો માટે સામાન્ય સ્વીકારવા જેવી વાત છે. વળી હવે તો આમુખ કેસો અચાનક જ એટલા અગત્યના બની જાય છે કે વર્ષો પછી કોર્ટ તેને સાંભળવા રાતો રાત બેસી જાય છે. અને તેમાં પણ તમે કેટલા પૈસાદર છો કે પછી કોઈ મોટા સત્તાધારીઓની કેટલા નજદીકના છો તે પ્રમાણે કાયતો તમારે ચકકી પીસવાનો વારો આવે છે, ક્યાંતો, ક્યાંતો પછી અચાનક એક નવો સાક્ષિ પ્રગટ કરી તમને ક્લીન ચિટ પણ મળી જાય છે. આ વાત એટલે યાદ આવી કે સ્વાતંત્ર મેળવવાનું મૂળ હતું કે ન્યાય અને સમાન હક્કો લોકોને મળે. પણ હવે તો જીસ્કી લાઠી ઉસકી ભેંસ જેવી વ્યવસ્થા ઉંભરાતી હોઈ તેમ દેખાય છે. ગુજરાતીમાં કેહવત છે કે જયારે વાડ જ ચીભડુ ગળી જતી હોઈ ત્યાં મુખિયો શું કરી શકે.

ભારતની આઝાદી અને તેન મૂળ ભારતના બંધારણ માં રોપાયા હતા? જે કોઈ ચૂંટણીમાં ઉભો રહે છે અને ચૂંટાયા પછી કોઈ પણ સત્તા ધારણ કરે છે તો તે આ સંવિધાન ઉપર પોતાના પ્રભુને સાક્ષી રાખી વચન લે છે કે તે તેની રક્ષા કરવાની બાંહેધરી આપેછે? શરમની વાત તો ઈચ્છે કે ચૂંટાયેલા નેતાઓને ભારતનું રાષ્ટ્રગીત પણ યાદ નથી હોતું અને બંધારણના લીધેલા સોગંધ વિધિ ના શબ્દોનું મતલબ? સિક્યુલરનો મતલબ જ ખબર નથી. ફક્ત આ મુસ્લિમો અને ક્રિસ્ટીયનો ને કોહોતો ફાયદો ફરવાનું છે એમ માની ‘હિન્દુત્વ‘ ની વાતો ઉપર લઈ જાય છે. જયારે બંધારણ ની વાત કરો તો હવે લોકશાઈ ને બદલે ભારતને એક મજબૂત નેતા જોઈએ પરંતુ અમેરિકા, ચીન કે રશિયા ની રાજકીય વ્યવસ્થા ની વાત પરથી નહેરુ ને એડવિના માઉન્ટબેટનની સાથેના સબન્ધો અને સરદાર ને ગાંધી એ દગો આપ્યા અફવાઓ સુધીની લબડી કરી નાખે છે. બંધારણમાં અપાયેલ મૂળ વિશ્વાસો અને લોકશાઈનાં મુખ્ય ચાર પાયા વિષે પૂછો તો જીભમાં લોચા વાળવાના શરુ થઈ જાય છે અને સીધા બ્રષ્ટાચાર પર પોંહચી જશે. આજે રાજકીય નેતાઓની આઈ-ક્યુ પૈસા ક્યાંથી પડાવા થી અટકી જતી હોઈ છે. હમણાં પંદરમી ઓગસ્ટ ધ્વજવંદન કરી પાછા આવતા બે મિત્રોને મારી કારમાં લિફ્ટ આપી. કેમ ચાલે છે, થી વાતો શરુ કરતા એક જણાએ વાડા પ્રધાન ભાગવા ફેટમાં કેવા રાજામહારાજા જેવા લગતા હતા તેનું વર્ણાન કર્યું? હવે તો આ સેક્યુલર વિચાર ધરાથી આઝાદી લેવીજ જોઈએ, એમ તેમને કહી ઉમેર્યું કે ભારતને હિન્દુરાષ્ટ્ર હવે જાહેર કારવુજ જોઈએ? તો મેં પૂછ્યું, ‘ શું હવે સમય આવી ગયો છે કે દેશના લોકોને ‘સેક્યુલર‘ એને હિન્દુત્વ ની વિચારધારા વચ્ચે બેમાંથી એક ને સ્વીકારવું પડશે? હા સ તો, વીસસોને ચૌઉદની ચૂંટણી થી એ દીશામાં પ્રયાણ તો શરુ થઈ જ ગયું છે, આ ગુજરાત મોડલ હવે આખ્ખા દેશમાં પ્રસરવા માંડ્યું છે. તો પછી વીર સાવરકર અને ગુરુ ગોલવલકર નું સ્વપ્ન સાકાર થશેને? એમ મેં પૂછી કાઢ્યું? બંને ભાઈઓ ગુજરાતી હતા અને એક દમ ચ્યોકી ઉંઠયા, કે આ વળી આ કોણ નવા નેતાઓ હતા? આ હિન્દુત્વ તો મોદી અને અમિતભાઈ એ શરુવાત ગુજરાતમાંથી કરી હતી. અને તેમેને મોહન ભાગવત ને પછી પોતાની સાથે કરી લીધા હતા. એવી વાત મારી સામે મૂકી? એક વાર તો મનમાં વિચાર આવ્યો કે આ બાંને ને રસ્તામાં જ ઉતારી દઉં. બંને વચ્ચે ચર્ચા શરુ થઈ, એક કહે કે ભારતના ભાગલા નહેરુ એ અને ગાંધી એ કરાવ્યા તો બીજો કહે ચોક્કસ આ બે જાણ -સાવરકર અને ગોલવાલકરે જ કઈ અડપચાલૂ કર્યું હશે. હું અકળાયો, મેં કહ્યુ, જરા ઈતિહાસ તો સરખી રીતે શોધી લાવો? આઝાદી ઓગણિસઓને અડતાલીશમાં ૧૯૪૮માં મળી, પરંતુ આ હિન્દુત્વનું પૂછડું એક ચંદ્રનાથ બોઝ નમન વ્યક્તિ એ પકડ્યું હતું? તે માનતા હતા કે ભારતના હિંદુઓ મૂળ આર્યન કોમના વંશજ છે.

એમ કહેવાય છે કે અઢારશોને બાણું ૧૮૯૨ માં તેમને હિંદુત્વના નામે હિન્દૂ પ્રકૃતિ વિષે કેટલીક વાતો લખી હતી, પણ આ રાજકીય વિચારધારા માં બદલાતા વાર લાગી હતી. ભારતમાં ગાંધીજી ની આઝાદીની ચળવળ ૧૯૧૮ પછી વેગ પકડી હતી અને ૧૯૩૦માં દાંડીકુચ સારી કરી સત્યાગ્રહ શરુ કર્યો હતો. ગુલવાલકર અને સાવરકર બંનેએ આનો સાથ આપ્યો ન હતો અને ૧૯૨૩ થી હિન્દુત્વની વાતો તેમના ભાષણોમાં કેહવા મડી હતી. અહીંથી જ રાજકીય હિંદુત્વના બીજ રોપ્યા હૉય તેમ કહી શકાય? વિચારો કે આ વાત ૨૫ વર્ષો પેહલા થયેલી જયારે ભારતમાં અંગ્રેજો રાજ્ય કરતા હતા પણ ભારત કોઈ એક દેશ જ ન હતો, ૫૬૦ જેટલા નાના નાના રાજ્યો જે હિન્દૂ, મુસ્લિમ અને શીખ રાજાઓના હાથમાં હતા. મહમ્મ્દ અલી જીન્હા એતો ૧૯૪૦માં લાહોરમાં મુસલમાનો માટે એક જુદું રાજ્ય જોઈએ તેની માંગ મૂકી હતી. ભારતના ભાગલા માટે નહેરુ અને ગાંધી ને માથે છાણાં થાપનારા લોકો ઈતિહાસની કેટલીક હકીકતો સંતાડે છે. સાવરકરે પોતાના ૧૯૩૭ માં અમદાવાદમાં આપેલા ભાષણમાં તેમનો ટૂ નેશન થિયરી નિ સહમતી હિન્દૂ મહાસભાની મિટિંગમાં જાહેર કરી હતી. આ મહા સભાના પ્રમુખ તરીકે તેમને આના ૧૯માં સેશન ને ઉદ્દેશી કહ્યું હતું આ એકજ દેશમાં એક હિન્દૂ અને એક મુસ્લિમ રાજ્ય છે. અને જે જીન્હા ગાધીજી જોડે હતા તેમણે ઓગણિસો ને ચાલીસ ૧૯૪૦માં પોતના ભાષણમાં મુસ્લિમો માટે જુદા રાજ્ય ની માગ કરી હતી. ત્રણ વર્ષ પછી ટ્યુબલાઈટ થઈ હતી કે આ લોકો હિન્દૂ રાષ્ટ્ર કરશે તો મારુ શું થશે?

આ બે બિલાડીઓની ખેંચતાણીમાં અંગ્રેજી સત્તા જે વિશ્વ યુદ્ધ માં ફસાયેલી હતિ તેને સત્તા પકડી રાખવાનું બહાનું મળી ગયું હતું? આઝાદીની લઢાઈ બીજા કરે. ૧૯૩૭ની બ્રટિશ સરકારે યોજેલી ચૂંટણીમાં કોંગ્રેસ ને બહુમતી મળી હતી જેમાં હિંદુઓને પણ બહુમતી હતી અને ત્યારે નહેરુ અને ગાંધીજી બંન્ને અને સાથે સરદાર અને બીજા નેતાઓ ભારતની અખંડતા માટે જજુમી રહ્યા હતા અને આ બંન્ને બિલાડા તેમની પોતપોતાની સત્તા માટેના દાવ પેચ માં પડ્યા રહ્યા હતા. પરિણાંમેં ઈતિહાસ માં હિન્દૂ-મુસ્લિમ વચ્ચે કોમી રમખાણો થયો ભર્યો હતો. જો ત્યારે અંગ્રેજોએ જરાક ચાલાકી વાપરી મુસ્લિમોને એન્ડ હિન્દૂ જૂથોને આલોકોની નેતાગીરી ભાગલા કરી દીધા હોત અને જે પાંચસો જેટલા નાના રાજયો હતા તેને પોતાની છાયા માં રાખી દીધા હોત તો આજે ભારત દેશ જે એક હિન્દૂ રાષ્ટ કેહવત પણ નાનો અમસ્તો એક ચબુતરા જેટ લો જ રહી જાત અને રોજ રાજાઓ, જેમાં મોટા ભાગના મુસ્લિમ રાજ્યો પણ હતા અને હજુ પણ બાથમ બાથી કરતા હોત.

બંને મિત્રો મારી સામે ટગર ટગર જોઈજ રહ્યા અને ધીમેથી આભાર વ્યકત કરી મારી કારમાંથી ઉતરી પોતપોતાને ઘરે જતા રહ્યા?

ભલે ગમે તેટલી અફવાઓ ફેલિવી ઈતિહાસ ની હકીકત છુપાવવા જાવ પણ સત્ય તો જે છે તે ભાર તો આવવાનું જ. બીજા ૬૦ વર્ષો સુધી ભારતની જાણતા એ આ હિન્દુત્વ વિચારધારા ને સત્તામાંથી બહાર રાખી હતી એમ કહેવાય તો ખોટું નથી. ડેવલેપમેન્ટ અને ગુડ ગર્વનનસ ના મુદ્દે જીતેલી સરકારે આખરે તો પોતાનું સ્વારૂપ પણ દેખાડી દીધું છે. જેમ ધીમે ધીમે બાજપાઈજી, અડવાણીજી અને મનોહરજી જોશી ના ફોટા ગૂમ થયા તેમ હવે ગાંધીજી, સરદાર અને બાબા સાહેબ ને પણ ધીમે ધીમે ઝાંખા કરાય અને શ્રી શ્યામ મુખર્જી અને શ્રી દીનદયાલ ઉપાદ્યાય ની સાથે સાવરકર પણ જોડાઈ જાય તો કયોઈ નવાઈ નથી. **Buddhdev Pandya MBE.London.uk**

# સાહિત્ય સરિતા







બકો જમાદાર ૨
મોબાઇલ સમસ્યા
વાર્તા નંઃ ૨

નમસ્તે બાળકો, પ્યાર સહિત.
બાળમિત્રો મજામાં બધાં? બકાજમાદારની પ્રથમ વાર્તા વાંચી ? કેવું લાગે છે બધાંને નીત નવી,રૂડી ને મીઠી બોધવાળી વાર્તાઓ સાંભળીને ?સરસને..?ચાલો આજે આપણે બકાજમાદારની નવી વાર્તા કરીએ..!

બકાજમાદારના દાદા એટલે બકોરપટેલ ખૂબ જ સમજદાર તેવા જ બકાજમાદાર.એકવાર તે ભરબપોરે શેરીમાં નીકળ્યા ,શેરી તો સૂમસામચકલુય ન ફરકે.તેઓ વિચારમાં પડ્યા આમ કેમ?અમે તો નાના હતા તો આખી શેરી રજાઓ પડે કે અમારા અવાજથી ધમધમી ઉઠતી ને આજના બાળકો ઘરકૂકડી કેમ..?

અંતે ન રહેવાયું એટલે એતો તેમના મિત્ર ઘેંટાભાઈને ત્યા પહોંચ્યા ત્યાં બધાં ગાડરાં તો હાથમાં મોબાઈલ લઈ રમે,તમને ખબર છેને જેમ માનવના છોકરા બાળક કહેવાય તેમ ઘેંટાં ના બચ્ચાં ગાડરાં,ગધેડાના બચ્ચાં ખોલકાં,ગાયના બચ્ચાં વાછરડાં,ઘોડાનાં બચ્ચાં વછેરાં,ભેંસના બચ્ચાં પાડાં ને કૂતરાંના બચ્ચાં ગલૂડિયાં બધા જ ભેગા તેમના લવારિયાં પણ મોબાઈલથી રમે. બકા જમાદારને થયું અરે ભગવાન ! શુ થશે આ બાળકોનું..?

યાદ આવ્યા એમને ઝાડ પરના ઝૂલા,ગિલ્લીદંડા,લખોટી ને પૈડાંનો ખડખડાટને ડોસીઓનો બડબડાટ..!અરે પગથિયાં પરનો લાંબો કૂદકો ને શેરી નાટકની તૈયારી..ને અહીં તો કેદ છે બધા બાળકો ..!

ખરેખર આ બાળકોને બહાર કાઢવા રહ્યા. મંડ્યાએતો દાઢીને ખંજવાળવા પણ તુક્કો મળે નહિ. ઉપડ્યા એતો એમના મિત્ર ગધાભાઈ પાસે પણ મંદબુધ્ધિના ગધાભાઈ પાસે ઉપાય મળ્યો નહિ..હવે એમને થયું આપણાંમાં ચતુર કોણ..?બોલો બાળકો પ્રાણીઓમાં ચતુર કોણ..?હમમમમ,અરે ચતુર શિયાળભાઈ! શિયાળભાઈએ તો ઉપાય કર્યો શેરીમાં હવે ઘરમાં રમાતી રમત અને મેદાનમાં રમાતી રમતની હરિફાઈ યોજીએ તો?

બકા જોરદારે તો ઘરે ઘરે હરિફાઈ ની વાત પહોંચાડી ને ઈનામ મળશે એમ જાહેર કર્યુ.હવે શેરીના બધા બાળકો પોતપોતાના રસ(રૂચી)મુજબ ભાગ લેવા તૈયાર થયા,ને બકા જોરદારની યોજના તો બરાબર કામ કરી ગઈ. શેરી તો તમારા જેવા બાળકોની કિકિયારીઓથી ગુંજવા લાગી.બાળકો સાચું કહેજો તમને બધા સાથે ભેગા રમવું ગમે કે ઘરની જેલમાં ગોંધાઈ ને..?

તમને ખબર છે મોબાઈલના વધુ વપરાશથી આંખ,કાન ને શરીરની ચામડી તેમજ ...શરીરની સ્થૂલતા વધે માટે..ચાલો ફરી ગિલ્લીદંડા,લખોટી કે વાર્તા વાર્તા રમીએ.

જેમ અહી રમીએ છીએ.કેવી મજા આવે જો વૃક્ષો સાથે દોસ્તી કરીએ..એના છાયડે મીઠા પવનની લહેરખીને સ્પર્શીને બાળગીતો ગાઈએ ને.બકા જમાદાર જેવા સજ્જનના હાથે ઈનામ મેળવીએ.બધાએ બકા જમાદારનો આભાર માન્યોને હવે શેરી બાળકોની કિકિયારીઓ થી ધમધમી ગઇ..!

ચાલો ફરી હવે આવતા અંકમાં ફરી મળીશું નવી વાત ને નવી ખુશી લઈને.રજાની મજા માણો..ન અભ્યાસ ન શાળા કેવી મજા.ગમ્યું તો ફરી મળીશું.

વાર્તા ના લેખક
જયશ્રી પટેલ

---

જીવ્યા પછી
એટ્લી
ખબર પડી ગઇ
કે સુન્દર
સુવિચારો લખવા માટે
ખરાબ અનુભવો થવા જરુરી છે..
માન હોય એના પ્રત્યે પ્રેમ
હોવો જરૂરી નથી
પરંતુ પ્રેમ હોઈ
એના પ્રત્યે માન
હોવુ ખૂબ જરૂરી છે..
વાળ સફેદ
કરવામાં જ જિંદગી નીકળી જાય
કાળા કરવા માટે તો
અડધો કલાક જ જોઈએ..
જેને ગુણની પરખ નથી,
એની પ્રશંસાથી ડરવું;
અને ગુણનો જાણકાર છે,
એના મૌન થી ડરવું..
છે ને કમાલ
"મન" કપડાનું નથી..
તોય મેલું થાય છે
દિલ કાચનું નથી
તોય તૂટી જાય છે...
અજાણ્યુ ક્યા કોઇ રહ્યુ છે અહીયા,
કોઇ નિઃસ્વાર્થ
તો કોઇ સ્વાર્થ માટે
ઓળખાણ કાઢી જ લે છે...!!!
જો ઈશ્વર પણ
જરૂર પડ્યે જ યાદ આવતા હોય
તો આપણે તો માણસ છીએ
એમ ક્યાંથી યાદ આવશું ...??
મોટી હસ્તી મળે
એના કરતા
હસતી વ્યક્તિ
મળે તો.... સમજવું
કે દિવસ સુધરી ગયો છે..
આજે જેનું મોઢું
જોવા આપણે તૈયાર નથી,
આવતી કાલે એના પગે
પડવાના દિવસો આવી શકે છે
ખુબ સમજી ને
કોકની સાથે બગાડજો..
એક?ખોટી વાત
ને એક અધુરીવાત
કેટલાય સંબંધ
તોડી નાખે છે...
કાલ નો દિવસ
ભલે "ગમે તેવો" ગયો હોય
પણ આજનો દિવસ
તમને "ગમે" તેવો જાય
તેવી મારી...
તમને શુભ કામના..
ધીરે ધીરે એવું કંઇક સમજાય છે,
કાળ ગુપચુપ ઘણું લૂંટતો જાય છે.
કહીએ દિલ ની વાતો,એવા માણસો,
ગુમસુમ થતા જાય છે.
શ્વાસ થી યે નિકટ હતા, જે અબઘડી,
આંખ થી સાવ ઓઝલ થતા જાય છે.
ડગ સ્વયંભૂ વળી ને જતા જે તરફ,
એ ઘરો હવે ખૂટતા જાય છે.
કોણ જાણે કયો શાપ લાગી ગયો,
લીલાછમ માણસો રણ થતા જાય છે.
જે ઘરો માં જઈ,સહેજ હળવા થતા,
બારણાં એ ઘરો ના બંધ થતા જાય છે.
એ સાચું છે કે હવે,
સ્થાન હળવાશ ના કમ થતા જાય છે."

---

શિવજીનો ગરબો??
ાયા છો શબ્દ થકી સાકાર
મોટા મહાજોગી જટાધાર
આપે ઈચ્છા કીધી એક
નિરમ્યા નામરૂપ અનેક
ઘટ ઘટ વિશ્વનાથનો વાસ
એ વિણ ખાલી ન એક આવાસ
બિરાજે જટાજૂટમાં ગંગ
શિવે શિતળ ચંદ્ર ધર્યો છે શીશ
સ્વામી સકળ ભુવનના છો ઇશ
ભાલે શોભે અદભુત ત્રિલોચન
ઝળમળ ઝળકે પંચવદન
તમને વ્યાપે નહીં વિષપાન
કહેવાયા નીલકંઠ ભગવાન
શ્રવણે શોભે કુંડળ સાર
વિભૂતિ રુંઢમાલ ઉરહાર
દશભૂજ દીસે દક્ષિણવાસ
કરો છો સેવકનાં શુભકાજ
પિનાકપાણિ શૃંગિસંગ
ત્રિશૂલપાણિ છે ત્રિકમ
કરમાં કંકણ ડમરુ ડાક
ભિક્ષા ભોજન શાક ને પાક
અદભૂત આપે શિક્ષણસાર
કરવા કુટિલ તણો સંહાર
વિભૂતિ વ્યાઘાંબર પરિધાન
વ્હાલું વસ્તી થકી સમશાન
ઉત્તમ ઉપવિત કાળા નાગ
ગમે છે ગાનતાન રંગરાગ
નંદી ભૃંગી નાચે ગાય
ગાલ વગાડે ઘેલા થાય
શોભે વૃષભ તણું વાહન
ધમકે ઘુઘરમા ભાવે
ભાંગ ધંતૂરો ચાવે ઇચ્છાથી જગતમાં આવે
ભક્તિ કરે અષ્ટ મહાસિધ્ધિ દ્વારે દાસી
છે નવનિધ્ધિ ભારે સેના ભૈરવ ભૂત
ડાકણ શાકણ ને જક્ષદૂત
સોંપ્યા સેવકને ભંડાર
તમારો કુબેર કામાદાર
કરતા કોટિ કોટિ બ્રહ્માંડ
તમારો અદભુત ખેલ અખંડ
તમારો ખાલી પડે ના ખેલ
બળે વળી દીપક વણ તેલ
શોભે શિવશકિતનો રાસ
બહુવિધ સરખા બારે માસ
વર્ણૅન કરી શકે નહીં વેદ
બ્રહ્મા ઈન્દ્ ન જાણે ભેદ
ભૂતલ ભાવે પ્રગટો આપ
કરવા ભક્તોના શુભકામ
કૈલાસ ધામ પર બિરાજ્યા
સાથે પરિવાર સૌ લાવ્યા
દર્શન ભક્ત જનોને આપ્યાં
દુખડા કોટિ જન્મનાં કાપ્યાં
પૂજા અધિક પ્રકારે થાય
ભક્તો આવે કીર્તન ગાય
જમે રમે ત્યાં વિપ્રોવૃંદ
કરે છે અષ્ટ પ્રહર આનંદ
હરિહર શક્તિ સરખા જાણો
તેમાં અંતર લેશ ન પ્રમાણો
સ્તૂતિ લખાઇ કંઇક “મન”થી
સ્મરણ કરવું સહુએ??દિલથી
“મન” કેનેડા ??૧૪-૦૮-૨૦??

---

ઢળતી જિવન સંધ્યા
દિવસની સાંજ વેળાએ નભમાં
સૂરજ અસ્ત થતાં કેવું ભાસે છે?
ભલે હોય સંધ્યા નભ સુરમ્ય લાગે
નિહાળતાં સુંદરતા આંખ ઠારે છે
ઢળતી ઉંમરે કેમ થાક લાગે છે?
સોનેરી યુવાની સ્હેજમાં વહી ગઇ
તેનો કોણ જાણે ભ્રમ જાગે છે
જવાબદારીથી તો થયા મુક્ત
કંઇક અધુરી આશ જાગે છે
જિવનમાં મેળવ્યું તો ઘણું છતાં
સ્વ ને મળવાની પ્યાસ જાગે છે
ઢળતી ઉંમરે હવે થાક લાગે છે
થઇ અંધારી રાત જિવન તણી
છતાં સવારનો ઉજાસ ભાસે છે
જિંદગીના અનુભવો કર્યા પછી
સમજણનો અહેસાસ જાગે છે
સુખ દુખ તો સનાતન સત્ય છે
કરેલા કર્મનો બદલો અહીં મળે છે
મોહ માયા તણું બંધન નડે છે
રાગ દ્વેષ થી સુખ શાન્તિ હટે છે
આખરી પળે જિવવાની કળા મલે છે
ભુલી ભૂતકાળને વર્તમાન સુધારી લો
મલ્યું માનવ જિવન ઉજ્વળ કરી લો
”મન” કેનેડા
૧૫-૦૮-૨૦૨૦

---

मयूर पंख
वनवास के दौरान माता सीताजी को
प्यास लगी, तभी श्रीरामजी ने
चारों ओर देखा, तो उनको दूर-दूर तक
जंगल ही जंगल दिख रहा था.
कुदरत से प्राथर्ना की 9 हे वन देवता !आसपास
जहाँ कहीं पानी हो,
वहाँ जाने का मार्ग कृपा कर सुझाईये.
तभी वहाँ एक मयूर ने आकर
श्रीरामजी से कहा कि आगे थोड़ी दूर पर
एक जलाशय है.चलिए मैं आपका
मार्ग पथ प्रदर्शक बनता हूँ, किंतु
मार्ग में हमारी भूल चूक होने की
संभावना है.
श्रीरामजी ने पूछा 9 वह 1यों ?
तब मयूर ने उ8ार दिया कि 9
मैं उड़ता हुआ जाऊंगा और आप
चलते हुए आएंगे, इसलिए मार्ग में
मैं अपना एक-एक पंख बिखेरता हुआ
जाऊंगा.उस के सहारे आप
जलाशय तक पहुँच ही जाओगे.
इस बात को हम सभी जानते हैं कि
मयूर के पंख, एक विशेष समय एवं
एक विशेष ऋतु में ही बिखरते हैं.
अगर वह अपनी इच्छा विरुद्ध
पंखों को बिखेरेगा, तो
उसकी मृत्यु हो जाती है.
और वही हुआ.अंत में जब मयूर
अपनी अंतिम सांस ले रहा होता है,
तब उसने मन में ही कहा कि
वह कितना भाग्यशाली है, कि
जो जगत की प्यास बुझाते हैं,
ऐसे प्रभु की प्यास बुझाने का उसे
सौभाग्य प्राप्त हुआ.
मेरा जीवन धन्य हो गया.
अब मेरी कोई भी इच्छा शेष नहीं रही.
तभी भगवान श्रीराम ने मयूर से कहा कि
मेरे लिए तुमने जो मयूर पंख बिखेरकर,
अपने जीवन का त्यागकर
मुझ पर जो ऋणानुबंध चढ़ाया है,
मैं उस ऋण को अगले जन्म में
जरूर चुकाऊंगा .
*?आपके पंख अपने सिर पर धारण
करके?* तत्पश्चात अगले जन्म में
श्री कृष्ण अवतार में उन्होंने
अपने माथे( मुकुट )पर मयूर पंख को
धारण कर वचन अनुसार
उस मयूर का ऋण उतारा था.
तात्पर्य यही है कि ??
अगर भगवान को ऋण उतारने के लिए
पुनः जन्म लेना पड़ता है, तो
हम तो मानव हैं.न जाने हम कितने ही
ऋणानुबंध से बंधे हैं.
उसे उतारने के लिए हमें तो
कई जन्म भी कम पड़ जाएंगे.
99 अर्थात 99
जो भी भला हम कर सकते हैं,
इसी जन्म में हमें करना है.
* जय जय श्रीराधेकृष्णा *

---

## વંથલી તાલુકાના મોહબ્બતપુર (નવાગામ) ગામમાં

# જુગાર રમતા આઠ જુગારીઓને રોકડ રૂ.૧,૧૪,૩૫૦ સાથે ઝડપી પાડયા

નાયબ પોલીસ મહાનીરીક્ષક સાહેબ મનીદર પ્રતાપ પવાર સાહેબ જુનાગઢ રેન્જ તથા પોલીસ અધિક્ષક રવિ તેજા વાસમ શેટ્ટી સાહેબના સીધા માર્ગદર્શન હેઠળ તેમજ નાયબ પોલીસ અધિક્ષક સાહેબ જે. બી. ગઢવી સાહેબની સુચના મુજબ જીલ્લા માં ચાલતી ગેરકાયદેસર પ્રોહી જુગારની બદી નેસ્ત નાબુદ કરવા કડક હાથેકામ લેવાની સુચના કરતા વંથલી પોલીસ સ્ટેશન ના નવનિયુક્ત પીએસઆઇ બી.કે.ચાવડા એ પોલીસ સ્ટેશન ના કર્મચારીઓને જરૂરી સૂચનાઓ આપતા વંથલી પોલીસ સ્ટેશન ના પો.કોન્સ જનકસિંહ સીસોદીયા ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે વંથલી તાલુકાના મોહબ્બતપુર (નવાગામ) ગામે રહેતા અલ્પેશ અમૃતભાઈ મકવાણા પોતાના કબ્જા ભોગવટાના રહેણાંક મકાનમાં બહારથી માણસો બોલાવી ને ગંજીપતાના પાના વડે પૈસાની હારજીત કરી જુગાર રમી રમાડીપોતાના આર્થિક ફાયદા શારૂ નાલના પૈસા ઉઘરાવી જુગાર નો આખાડો ચલાવે છે જેથી બાતમી વાળી જગ્યાએ રેઈડ કરતા જુગાર રમતા અલ્પેશ મકવાણા, હનીફ સમા, જુસબ સમા, અરવિંદ બગડા, ચંદુ મારડીયા ,જયંતિ મોડાસડા, મુકેશ પૈડા, કાંતિ મકવાણા ને જુગાર રમતા ઝડપી પાડયા અને પકડાયેલ આરોપીઓ પાસેથી રોકડ રૂપિયા ૧,૧૪,૩૫૦ તથા મોબાઈલ ફોન છ કિ.રૂપિયા ૧૨,૦૦૦ મળી કુલ મુદ્દામાલ રૂપિયા ૧,૨૬,૩૫૦ સાથે પકડી પાડી તેમની સામે ધોરણસરની કાર્યવાહી હાથધરી હતી આ કામગીરીમાં પીએસઆઇ બી.કે.ચાવડા ,પી.એસ.શેખવા, પૃથ્વીરાજસિંહ વાળા , સોમાતસિંહ સીસોદીયા, જનકસિંહ સીસોદીયા, નરેશભાઈ શીગરખીયા , બાલુભાઈ બાલસ એ રીતના પોલીસ સ્ટાફે સાથે રહીને આ કામગીરી કરી હતી

અહેવાલ-જીજ્ઞેશ પટેલ
માણાવદર



ભારત ના ૭૪માં સ્વાતંત્ર પર્વ નિમિતે ગાંધીનગર મહાનગર પાલિકા ના પૂર્વ મેયર શ્રી પ્રવીણભાઈ પટેલ. તથા ઉનાવા ગામ ના પૂર્વ સરપંચ શ્રી મહેશભાઈ પટેલ.. હરેશભાઈ પટેલ. અશોકભાઈ બોરસદવાળા. મિત્રો એ સેકટર ૧૯.૨૦.૨૧.અને ૩૦ સેકટરો માં ગરીબ બાળકો ને બિસ્કિટ અને માસ્ક નુ વિતરણ કર્યું તથા સફાઈ કામદાર બહેનો ને પણ માસ્ક આપી સન્માન કર્યુ તથા રસ્તો જ પોતાનું ઘર છે તેવા ગરીબ લોકો ની વચ્ચે જઈ આ મહામારી વિષે સમજણ આપી તથા સોશ્યિલ ડીસ્ટન્ટ વિષ ખુબ ઊંડાણ પૂર્વક માહિતી આપી ને આ મહામારી થી કેવી રીતે જીવી શકાય તેની માહિતી આપી.. આમતો પ્રવીણભાઈ પટેલ નો સ્વભાવ કાયમ માટે ઉદાર શીલ રહયોલો છે એટલે એમને સમાજ સેવા કરી સાચા અર્થ માં આપની રાષ્ટ્ર ભાવના અર્પણ કરેલ છે.

## સિધ્ધપુર શહેર ભાજપ દ્વારા

# પૂર્વ વડાપ્રધાન સ્વ. અટલ બિહારી વાજપાયીજીની પ્રથમ પુણ્યતિથીએ શ્રધ્ધાસુમન અર્પણ કરાયા

ભારતના પૂર્વ વડાપ્રધાન ભારત રત્ન સ્વ. અટલબિહારી વાજપાયીજીની આજે પહેલી પુણ્યતિથી નિમીત્તે સિધ્ધપુર શહેર ભાજપ અને યુવા ભાજપ દ્વારા સરસ્વતિ તટે જયાં અટલજીની અસ્થિઓને વિસર્જીત કરવામાં આવી હતી તે સૂચિત અટલઘાટ ખાતે શ્રધ્ધાંજલી આપવામાં આવી

શહેર ભાજપ પ્રમુખ મનિષ શેઠ, નગરપાલિકા પ્રમુખ શ્રીમતી વર્ષાબિન પંડ્યા,મ્યુ. સદસ્યો ભરતભાઈ મોદી, રશ્મિન ભાઈ દવે, ભાજપ અગ્રણી કૌશલભાઈ જોષી, યુવા ભાજપ પ્રમુખ મિહિરભાઈ પાધ્યા, પ્રશાંત પાધ્યા, જગદીશ આચાર્ય, આશિષ પાધ્યા, પ્રકાશભાઈ પાધ્યા વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.




પવિત્ર શ્રાવણ માસનો છેલ્લો સોમવાર ના રોજ શ્રીકૃષ્ણશ્રમ બોલુંદરાના અગ્નિહોત્રી પૂજ્ય આત્રેયજીનો જન્મદિવસ સોનામાં સુગંધ ભળે તેવો દિવસ એટલે જાયન્સ ઝોન પ્રમુખ નિલેશ જોષી સાથે જાયન્સ મોડાસાના પ્રમુખ નરેન્દ્ર પટેલે શ્રી કૃષ્ણાશ્રમ બોલુંદરાની પવિત્ર ભૂમિ પર એકસો દસ વર્ષથી ચાલતા યજ્ઞનદેવના દર્શન કરી પૂજ્ય અગ્નિહોત્રી આત્રેયજીનું શાલ ખેસ ઓઢાડી સન્માન કર્યું શ્રીકૃષ્ણ આશ્રમની ભૂમિ ખૂબ જ પવિત્ર જગ્યા છે સંસ્કૃતિની પાઠશાળા ચલાવવાથી લઈ સમાજને વિવિધ સ્વરૂપે સેવા કરતા અગ્નિહોત્રી જેનું સન્માન કરી ધન્યતા અનુભવી આશીર્વાદ લીધા સંસ્કૃત ભાષા અંગેની વિશેષ ચર્ચા કરી.

# ગુજરાતી રંગભૂમિના ઘડવૈયા ગિરીશ નાકર




શ્રી ગીરીશભાઈ એમ નાકર નો જન્મ ૧૭/૧૨/૧૯૩૯ ના રોજ સોડલસા જી.જામનગર માં થયો હતો. બી. એ. એલ .એલ.બી. અને વર્ધા ની કોવિદ ઉપાધિ મેળવી હતી. ચૌદ વર્ષ ની ઉંમરે ' દગાબાજ dunia' નામ નું નાટક લખી ને મિત્રો ના સહકાર થી પડદા બાંધી ને ભજવ્યું..૧૯૬૨ માં ' મોડર્ન કલ્ચરલ એસોસિયેશન ' ની સ્થાપના કરી અને " તમે મારા વર છો " નામનું નાટક લખી ને ભજવ્યું. ૧૯૬૫ માં " રાતે વહેલા આવજો" નાટક લખ્યું.બાદ ' પ્રીત પિયુ ને પોપટલાલ ' જે અનેક નામે ભજવાયું. જે.એમ.શાહ ના સહકાર થી ' રાજ - જ્યોતિ થીયેટર્સ ' ની સ્થાપના કરી અને પોતે લખેલું નાટક ' છૂટો છેડો છાયલ નો ' તે સંસ્થા ના આશ્રયે ભજવ્યું. ૯૬૯ માં ' સત ના પારખાં ' લખ્યું. " મારે નથી પરણવું , ઈશ્વરે ઘર બદલ્યું , મોટા ઘર ની વહુ , કવિ દયારામ , એક ને ટકોરે , તમે મારા વર છો , અને જીવન ઝંઝાવાત માં કામ કર્યું. વ્યવસાયે તેઓ વકીલાત કરતા હતા.

ઘનશ્યામ વ્યાસ
સૌજન્ય
ગુજરાતી રંગભૂમિ ના ઘડવૈયા



पंडित जसराज नहीं रहे। अब से क़रीब डेढ़ घंटे पहले उन्होंने अमेरिका में आख़िरी साँस ली। पंडित जी की कमी संगीत की दुनिया को हमेशा महसूस होगी।



૧૫ મી ઓગસ્ટ તહેવાર નિમિત્તે અમદાવાદ શાહપુર ખાતે ઉજવણી કરવામાં આવી જેમાં માસ્ક, સેનેટાઈઝર, હોમિયોપેથીક દવા, હેયર ઓઈલ, શેમ્પૂ, તુલસી છોડ તથા રમકડાં, સાડી, સુટ નું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કેમ્પ નું આયોજન રીઝવાન આંબલીયા તથા રાહી રાઠોર દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં ડૉ. સલીમભાઈ કુરેશી, સુધીર બુંદેલા, ગૌરાંગ ઠક્કર, પાર્થે પંડયા, નિયાઝ ચૌહાણ, નજીર મનસુરી, મેહબુબ અલી સૈયદ હાજર રહ્યા હતા. સંપૂર્ણ સોશિયલ ડિસ્ટન્સ સાથે કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૦૦ થી વધુ લોકો એ લાભ લીધો હતો.

# વલસાડ જિલ્લા પારડી તાલુકાની ઘટનામાં ઈલેકટ્રીક શૉક લાગતા એક જ પરિવારના ત્રણ મોત, એક ઘાયલ

(બ્યુરો વલસાડ.પ્રતિનિધિ દ્વારા)

વલસાડ જિલ્લા ના પારડી તાલુકામાં આજે વહેલી સવારે તળાવ કિનારે આવેલા બ્રાહ્મણ ફળિયામાં એક પરિવારના ૩ સભ્યોને ઈલેકટ્રીક કરંટ લાગતા તમામ લોકોના મોત થયા હતા. જેને લઈને સમગ્ર પંથકમાં શોકની લાગણી ફેલાઇ હતી. વહેલી સવારે પરિવારના મોભી ઈલેકટ્રીક મોટરની સ્વીચ ચાલુ કરવા ગયા હતા, ત્યારે વરસાદી માહોલના કારણે કરન્ટ લાગ્યો હતો. જેનો અવાજ સાંભળતા તેમને બચાવવા તેમની પત્ની અને પુત્ર દોડી ગયા હતા પરંતુ તેઓ પણ વીજ કરંટનો ભોગ બન્યા હતા.



પારડી તાલુકામાં આજે વહેલી સવારે તળાવ કિનારે આવેલા બ્રાહ્મણ ફળિયામાં એક પરિવારના ૩ સભ્યોને ઈલેકટ્રીક કરંટ લાગતા તમામ લોકોના મોત થયા હતા. જેને લઈને સમગ્ર પંથકમાં શોકની લાગણી ફેલાઇ હતી. વહેલી સવારે પરિવારના મોભી ઈલેકટ્રીક મોટરની સ્વીચ ચાલુ કરવા ગયા હતા, ત્યારે વરસાદી માહોલના કારણે કરન્ટ લાગ્યો હતો. જેનો અવાજ સાંભળતા તેમને બચાવવા તેમની પત્ની અને પુત્ર દોડી ગયા હતા પરંતુ તેઓ પણ વીજ કરંટનો ભોગ બન્યા હતા.

પરિવારના મોભી વહેલી સવારે ઈલેકટ્રીક મોટરની સ્વીચ ચાલું કરવા જતા કરન્ટ લાગ્યોતેમને બચાવવા તેમના પત્નિ અને પુત્ર દોડી જતા તેઓ પણ વીજ કરન્ટની ઝપેટમાં આવ્યાપરિવારના વધુ એક સદસ્ય આ ત્રણેયના સંપર્કમાં આવતા તેમને પણ વીજ કરન્ટ લાગ્યોઆ ઘટનામાં ૩ લોકોના મોત જ્યારે ૧ ઈજાગ્રસ્ત

વલસાડઃ જિલ્લાના પારડી તાલુકાના પરિયા ગામે તળાવ નજીક આવેલા બ્રાહ્મણ ફળિયામાં રહેતા ઉપેશ ભાનાભાઈ પટેલ આજે સોમવારની વહેલી સવારે તેમના ઘર આંગણે આવેલી પેજારીમાં ઈલેકટ્રીક મોટરની સ્વીચ ઑન કરવા ગયા હતા. તે દરમિયાન કરન્ટન લાગતા તેઓએ બૂમાબૂમ કરી હતી. જેને લઈને તેમને બચાવવા માટે તેમની પત્ની કોકિલાબેન અને ૧૮ વર્ષીય પુત્ર વિરલ બન્ને દોડી ગયા હતા.પારડીના તાલુકામાં ઈલેકટ્રીક શૉક લાગતા એક જ પરિવારના ૩ લોકોના મોતજો કે, આ બન્ને લોકો પણ ઉપેશભાઈના સંપર્કમાં આવતા આ ત્રણેયને વીજ કરંટ લાગ્યો હતો. જેના પગલે ત્રણેય લોકો પહેલા બેહોશ થઈ ગયા હતા. અચાનક આવેલા અવાજના પગલે ઉપેશની માતા સવિતા બેન (ઉ.વ ૬૦) સ્થળ ઉપર આવી બચાવવાની કોશિશ કરવા જતાં તેઓ પણ આ ત્રણેયના સંપર્કમાં આવ્યા હતા અને તેમને પણ ઈલેક્ટ્રિક કરન્ટનો ઝટકો લાગ્યો હતો.મૃતકના ફોટાઅચાનક બનેલી ઘટનાના પગલે આસપાસના સ્થાનિકો દોડી આવ્યા હતા અને ઈલેક્ટ્રિક લાઇન બંધ કરી ભોગ બનેલા ચારેય લોકોને પારડી મોહન દયાળ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં પિતા, પુત્ર અને પત્ની ત્રણેને મૃત જાહેર કરતા એક જ પરિવારના ત્રણના મોત થતા સમગ્ર ગામના ગમગીનીની માહોલ જોવા મળ્યો હતો.આ ઘટનાની જાણકારી મળતા પારડી પોલીસ મથકના PSI એસ. બી. ઝાલા, DyS મનોજસિંહ ચાવડા સહિત FSLની ટિમે ઘટનાસ્થળ મુલાકાત લઈ પરિવારજનોને સાંત્વના આપી હતી. તેમજ ઘટનાનો તાગ મેળવવા પ્રયાસ હાથ ધર્યો હતો.

પારડીના તાલુકામાં ઈલેકટ્રીક શૉક લાગતા એક જ પરિવારના ૩ લોકોના મોતનોંધનિય છે કે, ચોમાસા દરમિયાન ઈલેકટ્રીક કરન્ટ લાગવાની ઘટનાઓ બનતી રહે છે. ઈલેક્ટ્રિક વિભાગ દ્વારા અનેકવાર તકેદારીના ભાગ રૂપે લોકોમાં જાગૃતતા લાવવા પ્રયાસ કરવામાં આવે છે. તેમ છતાં લોકો ચોમાસા દરમિયાન તકેદારી ન રાખતા આવી ઘટનાઓ બનતી રહે છે.

### ધાનેરા હાઈવે ખાડામાં તંત્ર નિદ્રામાં અને લોકો ઉઠાવી રહ્યા છે સતત હાલાકી

# ધાનેરા માં સામાન્ય વરસાદે જ નેશનલ હાઈવે નું ધોવાણ કરતા મસમોટા ખાડા



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

બનાસકાંઠા ના ધાનેરા તાલુકા માં આમ તો માંડ માંડ ૩ ઈંચ વરસાદ આવ્યો છે પણ ધાનેરા નેશનલ હાઈવે પર મસમોટા ખાડા જાણે ૨૫ ઈંચ વરસાદ થી ધોવાયા હોય એવી પરિસ્થિતિમાં છે ધાનેરા શહેર ની બહાર નીકળતા જ નેશનલ હાઈવે ખાડા માં જોવા મળી રહ્યો છે રાજસ્થાન અને ધાનેરા ના હજારો વાહનો ની અવરજવર દર્દીઓ ઓને પણ આજ રસ્તે પસાર થવાની નોબત દરરોજ તાલુકા ના ઉચ્ચ અધિકારીઓ અવરજવર કરતા હોવા છતાં હાઈવે પર પડેલા ગેરરીતિ ના ખાડા નથી દેખાતા હજારો મુસાફરો અને વાહન ચાલકો ત્રસ્ત અનેક રાહદારીઓ અકસ્માત ના ભય સાથે અવરજવર કરી રહ્યા છે છતાં આ ખાડા નેશનલ હાઈવે અધિકારીઓ ને દેખાતા નથી ધાનેરા ના રાજકીય નેતાઓ અને ઉચ્ચ અધિકારીઓ જાણે કોઈ મોટી દુઘટના પછી જ ખાડા બુરી ને રોડ રીપેર કરવાની પ્રતિજ્ઞા લીધી હોય એમ ભેદી મૌન ધારણ કર્યું હોય એવી પરિસ્થિતિ માં ધાનેરા વાસીઓ ને મુજવી રહી છે ત્યારે હાલ તો વાહન ચાલકો ખાડા માં બનેલા રોડ પર હીંચકા ખાઈ ને રસ્તો પસાર કરવાની મજા લઈ રહ્યા છે.

# સિદ્ધપુર શહેરમાં બનેલા બ્રિજના નામ બાબતે આપવામાં આવ્યું આવેદનપત્ર



સિદ્ધપુર

પાટણ જિલ્લાના ઐતિહાસિક અને ધાર્મિક નગરી સિદ્ધપુર શહેરમાં ગુજરાત સરકાર દ્વારા ૨ ઓવરબ્રિજ અને એક અંડર બ્રિજનું નિર્માણ કાર્ય કરવામાં આવ્યું હતું જે પૈકી એક અંડર બ્રીજ અને એક ઓવર બ્રીજનું નિર્માણ કાર્ય પૂર્ણ થઇ ગયેલ છે ત્યારે આ બંને બ્રીજો ઘણા સમયથી જનતા માટે ખુલ્લા પણ મુકી દેવામાં આવ્યા છે ત્યારે યુવા ક્ષત્રિય સેના ગુજરાત, શ્રી રાજપૂત કરણી સેના,વામૈયા સ્ટેટ બાર ગામ દરબાર પરમાર સહિત જુદા જુદા સંગઠનો દ્વારા પ્રાંત કચેરી અને નગરપાલિકા ચીફ ઓફિસરને બંને બ્રિજના નામકરણ ને લઈ આવેદનપત્ર આપવામાં આવ્યું હતું અને સિદ્ધપુર દેથળી સર્કલ ઉપર સિધ્ધરાજ જયસિંહની પ્રતિમાનું નિર્માણ કરવા માટે વિવિધ સંગઠનો દ્વારા રજૂઆત પણ કરવામાં આવી હતી ત્યારે યુવા ક્ષત્રિય સેના ગુજરાત ના પાટણ જિલ્લા પ્રમુખ પરમાર પ્રવિણ સિંહ (નેદરા) અને શ્રી રાજપૂત કરણી સેના અધ્યક્ષ નવઘણ સિંહ વાઘેલા અને જિલ્લા ઉપાધ્યક્ષ મુકેશ સિંહ રાજપુત સહિત સમસ્ત સંગઠનના આગેવાનો હાજર રહી આવેદનપત્ર આપવામાં આવ્યું હતું

# થરાદમાં એક શિક્ષકે વ્યાજખોરો ના નાણાં ચૂકવવા માટે પોતાની કિડની વેચવી પડી

બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

બનાસકાંઠા જિલ્લામાં વ્યાજખોરોનો ત્રાસ વધ્યો છે. થરાદમાં વ્યાજખોરોના ત્રાસથી એક શિક્ષકે શ્રીલંકા જઈ પોતાની એક કીડની વેચી. આ સમગ્ર કૌભાંડનો પર્દાફાશ ત્યારે થયો જ્યારે શિક્ષકે પોતાની કિડની વેચી નાણાં ચૂકવી દીધા હોવા છતાં વ્યાજખોરો તેની પાસેથી હજુ નાણાં ની માંગણી કરતા હતા. થરાદમાં શિક્ષક તરીકે ફરજ બજાવતા રાજાભાઈ પુરોહિતે ત્રણ લાખ રૂપિયા વ્યાજે લીધા હતા.જે એક વર્ષમાં જ બમણા થઈ જતા તેઓ મુશ્કેલીમાં મુકાયા હતા. ચક્રવૃદ્ધિ વ્યાજ તેમણે લીધેલાં નાણાં પર લાગતા તેઓએ પોતાની કિડની વેચવા માટે છેલ્લું પગલું ભર્યું હતું. વ્યાજખોરો એ આ શિક્ષક ને સાથે લઈ જઈ શ્રીલંકાની હોસ્પિટલમાં ૧૫ લાખ રૂપિયામાં કિડની વેચવામાં આવી હતી. જે બાદ નાણાકીય લેવડદેવડ પૂર્ણ થઇ ગઇ હોવા છતાં શિક્ષકને માનસિક તેમજ શારીરિક ત્રાસ આપવામાં આવતો હતો. આખરે શિક્ષકે કંટાળી થરાદ પોલીસ મથકે ચાર લોકો સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે.



થરાદની સત્યમ નગર સોસાયટીમાં રહેતા રાજા ભાઈ પુરોહિત શિક્ષક તરીકે ફરજ બજાવે છે. નાણાકીય ભીડના કારણે તેઓએ વ્યાજે નાણા લીધા હતા. વ્યાજખોર ના વારંવાર ત્રાસના કારણે રાજાભાઈ પુરોહિત મુશ્કેલીમાં આવ્યા હતા. જેના કારણે તેઓએ શ્રીલંકા ની એક હોસ્પિટલમાં જઈ પોતાની કિડની ૧૫ લાખ રૂપિયામાં વેચી હતી. આ સમગ્ર મામલે થરાદના જ ચાર ઈસમો સામે ફરિયાદ નોંધવામાં આવી છે. પ્રાથમિક તપાસમાં રાજાભાઈ ના પાસપોર્ટમાં શ્રીલંકા ની મુલાકાત ના વિઝા એન્ટ્રી છે. જેથી તેઓએ આપેલી પ્રાથમિક ફરિયાદ સાચી હોય તેવું દેખાય છે. સમગ્ર મામલે મેડિકલ તપાસ તેમજ આરોપીઓને પકડી પૂછપરછ કરી સમગ્ર મામલે તપાસ કરવામાં આવશે. થરાદ માંથી સામે આવેલી આ ઘટનાને લઇને જિલ્લામાં ઘેરા પ્રત્યાઘાતો છે. નાણાકીય ભીડ અનુભવતા લોકો ની કેટલીક કપરી પરિસ્થિતિ થાય છે. તે આ ઘટના પરથી સ્પષ્ટ જોઇ શકાય છે. નાણાં મેળવવા માટે લોકોએ એક વ્યક્તિની કિડની વેચાવી છે. જેને લઇ લોકોમાં દુઃખની લાગણી છવાઇ છે.

### સમર્પણ ચેરિટેબલ ટ્રસ્ટ જૂનાડીસા દ્વારા

# ગંગાનગર વિચરતી જાતિની વસાહત જુના ડીસા ખાતે વૃક્ષારોપણનો સુંદર કાર્યક્રમ યોજવામાં આવ્યો

બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

સમર્પણ ચેરિટેબલ ટ્રસ્ટ જૂનાડીસા દ્વારા ગંગાનગર વિચરતી જાતિની વસાહત જુનાડીસા ખાતે વૃક્ષારોપણનો સુંદર કાર્યક્રમ યોજવામાં આવ્યો આ કાર્યક્રમમાં ૭૦ સિત્તેર જેટલા વૃક્ષો ઉગાડવામાં આવ્યા. અને પર્યાવરણ વિશે લોકોને જાગૃત કરવામાં આવ્યા.અગાઉ સંસ્થાએ ગ્લોબલ વોર્મિંગ જેવી વિશ્વ વ્યાપી સમસ્યા સામે પણ વૈજ્ઞાનિકો દ્વારા બનાસકાંઠામાં શાળાઓ સ્કૂલોમાં કાર્યક્રમો યોજેલ છે.અને ભવિષ્યમાં પણ આવા કાર્યક્રમોનું આયોજન કરશે.




વૃક્ષારોપણના આ સુંદર કાર્યક્રમમાં સોશિયલ ડિસ્ટન્સ જાળવી સરકાર શ્રીની ગાઇડ લઇન મુજબ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમમાં સમર્પણ ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ શ્રી ગીતેશભાઇ જોષી,બી.જે.પી.યુવા અગ્રણી સુમિતભાઇ દવે ,પાલનપુર નગરપાલિકા સદસ્ય તથા મહિલા મોરચા શહેર પ્રમુખ જાગૃતિબેન મહેતા વિજયભાઇ જોષી,ડોક્ટર રાકેશભાઇ પટેલ,જગશીભાઇ પુનડીયા એગ્રીકલ્ચર ડિપાર્ટમેન્ટ દાંતીવાડા,નવીનભાઇ મકવાણા, કમલેશભાઇ પ્રજાપતિ વગેરે હાજર રહ્યા હતા અને સંસ્થાના સેવાકીય કાર્ય ને બિરદાવ્યું.

### મેઘરજના કોરોના વોયરર્સનું પ્રાંત કલેકટર દ્વારા સન્માન કરાયું



મોટી ઈસરોલ, તા.૧૭

અરવલ્લી જિલ્લામાં મેઘરજના કોરોના વોયરર્સનું પ્રાંત કલેકટર દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.કોરોના ૧૯માં કરેલી પ્રશંસનીય કામગીરી બદલ મેઘરજ મદદનીશ આરોગ્ય કાર્યકર શિવમ વાય.પંડ્યાનું ૭૪ માંસ્વાતંત્ર્ય પર્વની ઉજવણી પ્રસંગે પ્રાંત કલેકટર મયંકભાઈ પટેલે પ્રશસ્તિ પત્ર આપી સન્માન કર્યું હતું.આ પ્રસંગે જિલ્લા સહકારી સંઘના વાઈસ ચેરમેન ભીખાજી ડી.ડામોર પણ ઉપસ્થિત રહ્યા હતા.

# ડબલ મર્ડર મિસ્ટ્રીનો ભેદ ગણતરીના કલાકોમાં ઉકેલતી અરવલ્લી પોલીસ

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લાના માલપુર તાલુકાના હેલોદર (ભોલા ભાઠોડા) ગામના ઠાકોર સેના ગ્રામ સમિતિના પ્રમુખ વિક્રમભાઈ તથા ઉપપ્રમુખ મનુભાઈ નામના યુવાન પિતરાઈ ભાઈઓ સ્વાતંત્ર્ય પર્વની પૂર્વ રાત્રીએ ઘરે કોઈ કામકાજ અર્થે સાથે નીકળ્યા હતા બાદ બીજા દિવસ સવારે બંને યુવકોના તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી હત્યા કરાયેલ હાલતમાં બંનેના મૃતદેહ ગામની સીમમાંથી મળી આવતા ભારે ચકચાર મચી ઘટનાની ગંભીરતાના પગલે જીલ્લા પોલીસવડા સંજય ખરાત, ડીવાયએસપી ભરત બસિયા અને પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતા માલપુર પોલીસે બંને યુવાનોની લાશને પીએમ માટે ખસેડી દીધી હતી હત્યાનો ભેદ ઉકેલવા સ્થાનિક પોલિસી અને વિવિધ એજન્સીઓ તપાસમાં જોતરાઈ હતી ડીવાયએસપી ભરત બસિયાના માર્ગદર્શન હેઠળ પોલીસે બંને યુવકોની હત્યાનો ભેદ ગણતરીના કલાકમાં ઉકેલી નાખી ગામના જ બે સગ્ગા ભાઈ અને અન્ય બે હત્યારાઓની ધરપકડ કરી હતી હત્યામાં સામેલ દેવદાંતીના શખ્શને ઝડપી પાડવા ચક્રોગતિમાન કર્યા હતા

માલપુર તાલુકાના હેલોદર (ભોલા ભાઠોડા) ગામે આડા સંબંધનો કરુણ અંજામ આવ્યો હતો જેમાં ગામની મહિલા સાથે આડા સબંધ રાખનાર વિક્રમભાઈ ઉજમા ભાઈ પગી સાથે ગયેલા તેના પિતરાઈ ભાઈ મનુભાઈ લેંબાભાઈ પગીને ગામના જ બાબુભાઇ રામાભાઈ પગી તેના ભાઈ અને અન્ય ત્રણ શખ્શોએ ભેગા મળી ગામની સીમમાં ઢીમ ઢાળી દીધું હતું પિતરાઈ ભાઈ સાથે જનાર યુવકનો પણ આડા સંબંધમાં ભોગ લેવાતા પરિવારજનો પર આભ તૂટી પડ્યું હતું

હેલોદર ગામના વિક્રમ પગીને ગામના જ બાબુભાઇ રામાભાઇ પગીની પત્ની સાથે આડા સબંધ હોવાની જાણ બાબુભાઇ પગી અને તેનો ભાઈ સમસમી ઉઠ્યા હતા બંને ભાઈઓએ અન્ય ત્રણ શખ્શો સાથે મળી વિક્રમ પગીની હત્યાનું કાવતરું રચ્યું હતું જેમાં શુક્રવારે રાત્રે બાબુ પગીએ ફોન કરી વિક્રમને ગામની સીમમાં આવેલા મહાદેવના મંદિરે કામ હોવાનું જણાવી મળવા બોલવતા તેની સાથે મનુભાઈ પગી પણ પહોંચ્યો હતો બંને યુવકો પહોચતાની સાથે બાબુ પગી,સોમા પગી,રમણ પગી,કાળું પગી અને ભૂરો ખાંટ નામના શખ્શો ચપ્પા અને તલવારના ઘા ઝીંકતા બંને યુવકો ઢળી પડ્યા હતા હત્યાં છુપાવવા બંને યુવકોની લાશને હત્યારાઓ ગામની સીમમાં આવેલ તળાવના બેટ પર નાખી દીધી હોવાનો પર્દાફાશ થયો હતો પોલીસે હત્યામાં સામેલ ૧)બાબુ રામાભાઇ પગી,૨) સોમા રામાભાઇ પગી ,૩)રમણ પુનાભાઈ પગી,૪) કાળું રમણભાઈ પગી ને ગણતરીના કલાકમાં દબોચી લઈ જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા બંને યુવકોની હત્યામાં સામેલ દેવદાંતીના ભુરા ઉદાભાઈ ખાંટને ઝડપી પાડવા ચક્રોગતિમાન કર્યા હતા અરવલ્લી જીલ્લા એલસીબી પીઆઇ આર.કે.પરમાર તેમની ટીમ, જીલ્લા એસ.ઓ.જી પીઆઈ જે.પી.ભરવાડ તેમની ટીમ,સર્કલ પીઆઇ એમ.જી.વસાવા અને માલપુર પીએસઆઈ એન.એમ.સોલંકી ની ટીમે ગણતરીના કલાકોમાં સમગ્ર જીલ્લામાં ચકચાર મચાવતા ડબલ મિસ્ટ્રી મર્ડરના ગુન્હાનો ભેદ ઉકેલી નાખતા પોલીસતંત્રની કામગીરીની સરાહના કરી હતી

### આવો કોઈની મદદ કરીએ ગ્રુપ દ્વારા

# સાબરકાંઠાના વતની અને મુંબઈમાં રહેતા ૧૩ પરિવારોને કરિયાણા,અને રોકડ મદદ કરવામાં આવી



મુંબઈમાં હજુ લોક ડાઉન ખુલ્યું નથી ત્યારે લોકો ની આર્થિક પરિસથિતિ બહુ ખરાબ બની છે, મુંબઈ માં રહેતા સાબરકાંઠાના ૧૩ પરિવારો ને ઘર નું ભાડું તથા કરિયાણા ની તકલીફ થતા આવો કોઈની મદદ કરીએ ગ્રુપ ના ભૃગુવેન્દ્રસિંહ કુંપાવત અને એમની ટીમ દ્વારા ૧૩ પરિવાર ને કરિયાણું પહોંચાડવામાં આવ્યું તથા ભાડા માટે બેંક એકાઉન્ટ માં મદદ કરવામાં આવી, આ કાર્ય માં આર્થિક મદદ ભૃગુવેદ્રસિંહ કુંપાવત અને કરિયાણા ની મદદ મુંબઈ રહેતા સાબરકાંઠા ના મંજીતસિંહ ચૌહાણ, સાગરભાઈ પુરોહિત તથા હિતુભા કછવસા દ્વારા કરવામાં આવી હતી. ભૃગુવેન્દ્ર સિંહ કુંપાવત અને એમની ટીમ દ્વારા લોક ડાઉન થી આજ દિન સુધી સાબરકાંઠા અરવલ્લી જિલ્લા ના ગરીબ, વિધવા, દિવ્યાંગ અને રીક્ષા ચાલકો ને ૧૭ હઝાર ઉપર કરિયાણા કીટ નું વિતરણ કરવામાં આવ્યું છે,તથા ૫૦૦૦ ઉપર માસ્ક અને હેન્ડ ગલોસ નું વિતરણ કરવામાં આવ્યું છે તથા કોરનટાઇન કરેલ પરિવારો ને ૨ સમય ટિફિન પહોંચાડવામાં આવ્યું છે, અને આજ દિન સુધી જેને મદદ ની જરૂર હોય તેના માટે ૯૮૯૮૬૦૭૦૭૦ નંબર વોટ્સઅપ પર ડિટેલ મોકલનાર ને મદદ મળી જાય છે,

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.